


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 101
Dt.: 15-02-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### વડાપ્રધાન મોદીએ જંગી જનસભાને સંબોધન કર્યું

# કોંગ્રેસ આતંકવાદીઓને ખભે બેસાડી દેશના ભાગલા પાડવા માંગે છેઃ મોદી

## જે કોંગ્રેસ આસામના વિકાસ માટે પૈસા આપવાથી બચતી હોય, તે કોંગ્રેસ આસામનો વિકાસ ક્યારેય નહીં કરી શકેઃ વડાપ્રધાનના કોંગ્રેસ પર પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ડિબ્રુગઢ

આસામમાં ચાલુ વર્ષ વિધાનસભાની ચૂંટણી આવશે તે પહેલા જ રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. ચૂંટણી રણમાં રાજનૈતિક પાર્ટીઓએ પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. આ વચ્ચે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આસામના ડિબ્રુગઢમાં વાયુસેનાના C-130 એરક્રાફ્ટથી પહોંચ્યા હતા. મોરાન બાયપાસ પર ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર લેન્ડિંગ કર્યું હતું. જે બાદ ૩,૦૩૦ કરોડના ખર્ચે બ્રહ્મપુત્ર નદી પર બનેલા ભાસ્કર વર્મા સેતુ અને IIM ગુવાહાટીના ટેમ્પરરી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ દરમિયાન વડા પ્રધાન મોદીએ જંગી જનસભાને સંબોધન કર્યું હતું, જેમાં પહેલાના કોંગ્રેસ શાસન પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર તરફથી આસામને તમામ વિકાસ પરિયોજનાઓ માટે ૫.૫૦ લાખ કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. જે કોંગ્રેસ આસામના વિકાસ માટે પૈસા આપવાથી બચતી હોય, તે કોંગ્રેસ આસામનો વિકાસ ક્યારેય નહીં કરી શકે

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે પુલવામા હુમલાની વરસી પણ છે. હું આ હુમલામાં જીવ ગુમાવનારા ભારતના વીર સપૂતોને નમન કરું છું. આ હુમલા બાદ ભારતે જે રીતે આતંકવાદીઓને સજા આપી તે આખી દુનિયાએ જોયું. શું દેશહિત માટે આટલું સાહસ કરવાની હિંમત કોંગ્રેસમાં હતી? કોંગ્રેસ નેતાઓ નિવેદન આપીને છૂટા થઈ ગયા હોત. આજની કોંગ્રેસ તો દેશનું ખરાબ વિચારનારા આતંકવાદીઓને ખભે બેસાડે છે. સ્વતંત્રતા સમયે મુસ્લિમ લીગે દેશના ભાગલા પડાવ્યા. હવે આજની કોંગ્રેસ એટલે કે મુસ્લિમ લીગ માઓવાદી કોંગ્રેસ MMC બનીને દેશના ભાગલા પાડવા પ્રયાસ કરી રહી છે. તેથી આસામની જનતાએ કોંગ્રેસથી



સાવધાન થઈ જવાની જરૂર છે.

કોંગ્રેસના શાસન દરમિયાન, 3G અને 4G ટેકનોલોજી રજૂ કરવામાં આવી હતી, અને ૨જી કૌભાંડ થયું હતું, પરંતુ કોંગ્રેસ પાર્ટીએ આસામ અને નોર્થ-ઈસ્ટમાં તેનો ઝડપથી વિસ્તાર કરવા માટે સખત મહેનત કરી ન હતી. દેશમાં ૬ AIIMS હતી, પરંતુ આજે ૨૦થી વધુ છે. ગુવાહાટી ઉપરાંત, આસામમાં ઘણી મેડિકલ કોલેજો ખોલવામાં આવી, ગઈકાલે, પ્રધાનમંત્રી રાહત યોજનાને મંજૂરી મળી જેથી હવે અકસ્માતમાં ઈજા થવા પર કેન્દ્ર સરકાર ૧.૫૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપશે.

વધુમાં વડા પ્રધાને કહ્યું કે કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિ, તેની વોટ બેંક નીતિઓ, હંમેશા વોટ બેંકના ચશ્મા દ્વારા બધું જોતી હતી. કોંગ્રેસના શાસન દરમિયાન, કેન્દ્ર સરકારની યોજનાઓને આસામ સુધી પહોંચવામાં વર્ષો લાગ્યા. ભાજપે હંમેશા નોર્થ-ઈસ્ટના વિકાસને પ્રાથમિકતા આપી, આસામમાં એક સેમિકન્ડક્ટર પ્લાન્ટ પણ બની રહ્યો છે, આસામી ચાની જેમ, આસામી ચિપ્સની પણ દુનિયાભરમાં ચર્ચા થશે. ચાથી લઈને ચિપ્સ સુધી આસામની વિકાસ યાત્રા સ્પષ્ટ દેખાય છે. હું આસામને વચન આપું છું કે, તમે મને આપેલો પ્રેમ હું વિકાસ દ્વારા વ્યાજ સહિત પરત કરીશ.

આઝાદીના સમયે મુસ્લિમ લીગે દેશના ભાગલા કરાવ્યા. આજની કોંગ્રેસ મુસ્લિમ લીગ બનીને દેશના ભાગલા કરવા માંગે છે.

અહીંના યુવાનોને કોંગ્રેસનું કુશાસન યાદ નહીં હોય, કોંગ્રેસની સરકાર ભલે આસામની હોય કે દિલ્હીની, તેમણે આસામને તેના હાલ પર છોડી દીધું હતું. કોંગ્રેસે દેશને ખતરામાં મૂકી રાખ્યો હતો. કોંગ્રેસે જ્યારે પણ સેના માટે હથિયારો ખરીદ્યા, તેનો અર્થ હજારો કરોડનો કૌભાંડ હતો. દેશ પોતાની સેનાઓને મજબૂત કરી રહ્યો છે. ભારત સરહદો પર શાનદાર હાઈવે, ટનલ, બ્રિજ બધું બનાવી રહ્યું છે, દેશની સુરક્ષા વધારી રહ્યું છે, તેથી કોંગ્રેસ ગભરાયેલી છે કે મોદી આ બધું કરી કેવી રીતે લે છે.

---

### I4Cની સરકારી કર્મચારીઓને ચેતવણી

# આઠમાં પગાર પંચના નામે થઈ રહ્યું છે મોટું ફ્રોડ

## સાઈબર દોસ્ત I4C સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચના નામે મોકલવામાં આવતા વોટ્સએપ મેસેજથી ચેતવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારી કર્મચારીઓ આઠમાં પગાર પગાર પંચની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. પરંતુ તેમણે આ મામલે ફક્તને ફક્ત સરકાર દ્વારા જે અધિકૃત માહિતી આપવામાં આવે તેના પર જ વિશ્વાસ કરવો હિતાવહ છે. હવે I4C એ સરકારી કર્મચારીઓને નવી ચેતવણી આપી છે. ગૃહ મંત્રાલયની સાઈબર સિક્યુરિટી વિંગે સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચના લાગૂ થયા બાદ પગારની ગણતરીઓના નામ પર થઈ રહેલા વોટ્સએપ સ્કેમ અંગે ચેતવ્યા છે. સાઈબર ક્રિમિનલ્સ સરકારી કર્મચારીઓને વોટ્સએપ મેસેજ દ્વારા ટાર્ગેટ કરીને તેમના બેંક એકાઉન્ટ ખાલી કરી રહ્યા છે. આ માટે સાઈબર ક્રિમિનલ્સે નવી તરકીબ શોધી કાઢી છે. જે સરકારી કર્મચારીઓની મહેનતની કમાણી પળભરમાં ખાતામાંથી ખાલી કરી નાખે છે. I4C એ પોતાના અધિકૃત X હેન્ડલથી સરકારી કર્મચારીઓ માટે એક ચેતવણી જાહેર કરી છે. પોતાની પોસ્ટમાં I4C સાઈબર દોસ્તે જણાવ્યું છે કે સરકારી કર્મચારીઓને વોટ્સએપ પર મેસેજ મોકલીને કહેવામાં આવી રહ્યું છે કે આઠમું પગાર પંચ લાગૂ થયા બાદ તેમનો પગાર કેટલો હશે, એ જાણવા માટે APK ફાઈલ ડાઉનલોડ કરો. જેવી APK ફોનમાં ઈન્સ્ટોલ થાય કે મોબાઈલનું એક્સેસ ફ્રોડ કરનારા હેકર્સ પાસે જાય છે. ત્યારબાદ હેકર્સ તેમના બેંક એકાઉન્ટ્સનું એક્સેસ મેળવી લઈ પૈસા કાઢી લે છે. I4C એ આ નવા પ્રકારના ફ્રોડથી બચવાના ઉપાય પણ જણાવ્યાં છે. સરકારી કર્મચારીઓને કહેવામાં આવ્યું છે કે આવો કોઈ પણ વોટ્સએપ મેસેજ, ઈમેઈલ, ફોનકોલ્સ વગેરે ઈગ્નોર કરવા. સરકારી વિભાગ તરફથી ક્યારેય આવી કોઈ જાણકારી શેર કરવામાં આવતી નથી.

શું છે આ આખું સ્કેમ?

- સરકારી કર્મચારીઓને આઠમું પગાર પંચ લાગૂ થયા બાદ પગાર કેટલો હશે, તે જણાવવા માટે વોટ્સએપ પર મેસેજ મોકલવામાં આવે છે.
- મેસેજમાં .APK ફાઈલ ડાઉનલોડ કરવાનું કહેવાય છે.
- .APK ફાઈલથી એપ ઈન્સ્ટોલ થતા જ મોબાઈલનું એક્સેસ સ્કેમર પાસે જાય છે.
- ત્યારબાદ બેંક એકાઉન્ટથી પૈસા કાઢી લેવાય છે.

---

### ચારના દર્દનાક મોત થયા

# બિહારના ઔરંગાબાદમાં પાંચ છોકરીઓએ ઝેરનો સ્વાદ ચાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઔરંગાબાદ

બિહારના ઔરંગાબાદ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૫ સગીર યુવતીઓએ સ્વાદ જાણવા માટે ઝેર ખાધું, જેમાંથી ચારના મોત થઈ ગયા છે. એક બચી ગયેલી છોકરીએ સમગ્ર ઘટના વર્ણવી, ત્યારે સત્ય સામે આવ્યું છે. આ ઘટનાની ચર્ચા બધી જગ્યાએ થઈ રહી છે. પોલીસે બચી ગયેલી બાળકીનું નિવેદન નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટના ૨૯ જાન્યુઆરીએ જિલ્લાના મોતી બિગહા ગામમાં બની હતી. પાંચ સગીર યુવતીઓ એક ખેતરમાં ગઈ, પરંતુ તેમાંથી માત્ર એક ઘરે પરત ફરી અને ચારના મોત થઈ ગયા છે. બચી ગયેલી યુવતીએ તેને ડાર્ક એક્સપરિમેન્ટ ગણાવ્યો. ૧૪ વર્ષની સગીરા પ્રમાણે તે બધી એક સુમસાન જગ્યા પર પહોંચી અને એક ઝેરી વસ્તુ ખાધી જેનો ઉપયોગ સામાન્ય રીતે બગલાઓને મારવા માટે થતો હતો. તેણે જણાવ્યું કે બધાએ સ્વાદ ચાખવા માટે તેનું સેવન કર્યું હતું. યુવતીએ જણાવ્યું કે મારી મિત્રએ કહ્યું કે ચાલો આ ખાઈએ અને જોઈએ આપણે જીવતા રહીશું કે મરી જઈશું. તેણે બગલાને મારવાનું ઝેર પાણીમાં નાખી દી લીધું. મેં ખુબ ઓછું લીધો અને તત્કાલ થુંકી દીધું તેથી હું બચી ગઈ. તેણે પોતાની સાથે રહેલી ચાર બહેનપણીઓ જેની ઉંમર ૧૨થી ૧૫ વર્ષ વચ્ચે હતી, પોતાની સામે મરતા જોઈ. ડરી ગયેલી સગીરાએ ઘરે પહોંચી પરિવારજનોને આ કહાની જણાવી હતી. તેના પરિવારજનોએ તેને ઉલ્ટી કરાવવા માટે લીમડાના પાનનું જ્યુસ પીવળાવ્યું અને તેનો જીવ બચી ગયો.દાઉદનગર SDPO અશોક કુમાર દાસે કહ્યુ કે અમારી તપાસમાં સામે આવ્યું કે યુવતીઓ સરસ્વતી પૂજાની સાંજે કેટલાક છોકરાઓ સાથે ફરતી જોવા મળી હતી. માતા-પિતા તેના પર ગુસ્સે થયા અને શરમમાંઆવી પાંચેયે એક સાથે આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ પીડિતામાંથી એકના પિતા જે મહારાષ્ટ્રથી પરત આવેલા એક પ્રવાસી મજૂર હતા. તેમણે પોલીસના આ દાવાને પાયાવિહોણા ગણાવ્યા છે. બધી છોકરીઓની ઉંમર ૧૨થી ૧૫ વર્ષ વચ્ચે હતી. મૃત સગીરાઓના પરિવારજનોએ ચારેયના એક ચિતા પર અંતિમ સંસ્કાર કર્યા હતા. પોલીસે બચી ગયેલી સગીરાનું નિવેદન નોંધી તપાસ ચાલુ કરી છે.

---

### યોગીએ કહ્યું દિલ્હી તમે જશો તો શ્વાસ નહીં લઈ શકો

# મુખ્યમંત્રી યોગીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે ૧૪ ફેબ્રુઆરીના રોજ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ગોરખપુરના જંગલ કોડિયા બ્લોકમાં પુન નિર્માણ પામેલા બીડીઓ કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં દિલ્હીની AQI(એર ક્વોલિટી ઈન્ડેક્સ)ની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી હતી. દેશની રાજધાની દિલ્હીમાં અનેક વખત વિપક્ષ ખરાબ હવાનો મુદ્દો ઉઠાવી હાલની ભાજપ સરકારને ઘેરી રહ્યું છે તેવામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી દેતા વિપક્ષને પ્રહાર કરવાનો મોકો આપી દીધો છે. પર્યાવરણ અંગે વાતચીત કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, આજે દુનિયા સામે સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાનનો છે. તમે જુઓ કે અહીં પર્યાવરણ કેવું સરસ છે કોઈ પ્રદૂષણ નથી, જો પ્રદૂષણ ન હોય તો બીમારી

## ગોરખપુરના જંગલ કોડિયા બ્લોકમાં પુન નિર્માણ પામેલા બીડીઓ કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં યોગી હાજર રહ્યા

પણ ન હોય, જ્યારે પ્રદૂષણ થશે ત્યારે ફેંફસાને નુકસાન પહોંચશે. જો ઓક્સિજન સપ્લાય કરતું મશીન જ ખરાબ થઈ જાય ત્યારે સંપૂર્ણ શરીર ખરાબ થઈ જશે.વધુમાં તેમણે દિલ્હીના પ્રદૂષણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તમે જાઓ દિલ્હીની હાલત શું છે? એવું લાગે છે ત્યાં ગેસ ચેમ્બર બની ગયું છે. હાલત ખરાબ છે. તમે હવામાં શ્વાસ પણ નહીં લઈ શકો આંખોમાં બળતરા થશે. ત્યાં ડોકટરોનું કહેવું છે કે જેમને અસ્થમા અને બીજી બીમારીઓ છે તેવા વૃદ્ધ અને બાળકોએ ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ, શું આ જિંદગી છે? જ્યારે જ્યારે પર્યાવરણ સાથે કોઈ છેડછાડ કરશે ત્યારે આવી સ્થિતિ ઊભી થશે. આપણે નસીબદાર છીએ કે અહીં વિકાસ પણ છે સાથે દમ ઘૂંટે તેવો માહોલ નથી.

મહત્વનું છે કે ગત ડિસેમ્બર મહિનામાં AQI સતત ૪૦૦થી ૪૫૦ને પાર જઈ રહ્યો હતો, જે બાદ UK, કેનેડા, સિંગાપોર હાઈ કમિશને પોતાના નાગરિકો માટે એડવાઈઝરીમાં કહ્યું હતું કે ખાસ કરીને દિલ્હી-NCRમાં રહેતા અથવા મુસાફરી કરતાં નાગરિકો સતર્ક રહે તથા AQI જોઈ પ્રવાસ કરે, બીજી તરફ જાન્યુઆરીમાં રાહુલ ગાંધીએ પણ દિલ્હીના પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરતાં પોસ્ટ કરી હતી કે 'આ સંકટને માત્ર શિયાળો પૂરો થતા ભૂલી જવું જોઈએ નહીં. તમારો અવાજ બુલંદ છે, તેથી તમારે અવાજ બુલંદ કરવો મારી જવાબદારી છે. ઝેરી હવાનો સૌથી વધુ ખરાબ અનુભવ બાળકો અને વૃદ્ધોને થઈ રહ્યો છે. પ્રદૂષણને કારણે લાદવામાં આવતા પ્રતિબંધો અને ખરાબ હવાને લીધે આ ગરીબ વર્ગની આજીવિકા પર સીધી અસર પડી રહી છે. કરોડો સામાન્ય ભારતીયો દરરોજ આ બોજ સહન કરવા મજબૂર બન્યા છે.

---

### બ્રહ્મપુત્ર નદી નીચે એક સાથે દોડશે ટ્રેનો અને કાર

# ભારતની પહેલી અંડરવોટર રોડ-કમ-રેલ ટનલને કેબિનેટની મંજૂરી

## આ અંડરવોટર ટ્વિન ટ્યુબ રોડ ટનલ બનવાથી 240 kmનું અંતર ઘટીને માત્ર 34 km રહી જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મોદી કેબિનેટે આજે શનિવારે (૧૪ ફેબ્રુઆરી) આસામમાં બ્રહ્મપુત્રા નદીની નીચે ગોહપુર અને નુમાલીગઢ વચ્ચે રેલ અને રોડ ટનલ બનાવવાની મંજૂરી આપી દીધી છે.

આ અંડરવોટર ટ્વિન ટ્યુબ રોડ ટનલ બનવાથી 240 kmનું અંતર ઘટીને માત્ર 34 km રહી જશે. બ્રહ્મપુત્રા નદીની નીચે 15.8 km લાંબી ટનલ બનાવવામાં આવશે.

દેશમાં પ્રથમ વખત ટ્વિન-ટ્યુબ અંડરવોટર ટનલ બનવા જઈ રહી છે. આ ટનલમાં વાહનો અને ટ્રેનો બંને ચલાવવાની સુવિધા હશે. આનાથી કોઈપણ ઈમરજન્સીની સ્થિતિમાં સેના અને દારૂગોળાની અવરજવર ઝડપથી થઈ શકશે. એક ટ્યુબમાં સિંગલ રેલ ટ્રેકની સુવિધા હશે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, તેને એવી રીતે ડિઝાઈન કરવામાં આવશે કે જ્યારે આ ટનલમાંથી ટ્રેનો પસાર થશે ત્યારે કોઈ વાહન ચાલી શકશે નહીં. આમાં બેલેસ્ટિક ટ્રેક હશે અને ટ્રેનો વીજળીથી ચાલશે. ટનલ, એપ્રોચ રોડ અને રેલવે ટ્રેક સહિત ૩૩.૭ કિલોમીટરના આખા પ્રોજેક્ટ પર અંદાજે ૧૮,૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પ્રોજેક્ટનો ખર્ચ માર્ગ પરિવહન, રેલવે અને સંરક્ષણ મંત્રાલય સંયુક્ત રીતે ઉઠાવશે.

તમને જણાવી દઈએ કે ૨ લેનવાળી ૨ યુનિડાયરેક્શનલ સુરંગો તરીકે ડિઝાઈન કરાયેલી આ સુરંગો બ્રહ્મપુત્રાના સૌથી ઊંડા તળિયેથી ૩૨ મીટર નીચે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ ૫ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તે બની ગયા પછી ગોહપુર અને નુમાલીગઢ વચ્ચેની મુસાફરીનો સમય સાડા છ કલાકથી ઘટીને માત્ર ૩૪ મિનિટ રહી જશે. તેનાથી અંતર ૨૪૦ કિલોમીટરથી ઘટીને માત્ર 34 km થઈ જશે. આ અંડરવોટર ટનલ બની ગયા પછી અરુણાચલ પ્રદેશ, મણિપુર અને અન્ય નોર્થ ઈસ્ટ રાજ્યો સાથે કનેક્ટિવિટી વધુ સારી બનશે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે નાણા મંત્રાલયે માર્ગ પરિવહન મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય દ્વારા ૮૦:૨૦ ફંડિંગની જોગવાઈ સાથે અંદાજે ૧૪,૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચવાળી સુરંગને લીલી ઝંડી આપી હતી.

---

### પાકિસ્તાની કેપ્ટન સલમાને ખોલ્યા પત્તા

# પાક. કેપ્ટને ઉસ્માન તારિકને ગણાવ્યો ભારત વિરુદ્ધ ટ્રમ્પ કાર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારે રમાનારા મહામુકાબલા પહેલા પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેણે પોતાની ટીમની રણનીતિ, ખેલાડીઓની ફિટનેસ અને વિવાદો પર ખુલીને વાત કરી છે. સલમાન આગાએ ખાસ કરીને રહસ્યમય સ્પિનર ઉસ્માન તારિકને ભારત વિરુદ્ધ પોતાનો ટ્રમ્પ કાર્ડ ગણાવ્યો છે. સલમાન આગાએ જણાવ્યું કે, "ભારત-પાકિસ્તાન મેચ હંમેશા મોટી હોય છે. તમે લોકોએ ઉસ્માન તારિકને ઘણો મોટો બનાવ્યો છે, તે ખરેખર સારી બોલિંગ કરી રહ્યો છે અને તે અમારો ટ્રમ્પ કાર્ડ છે. જોકે આ પીચ પર સ્પિનરો હાવી થઈ શકે છે, પરંતુ અમે પેસરોની ભૂમિકાને પણ નકારી શકીએ નહીં." ઉસ્માન તારિકના શંકાસ્પદ બોલિંગ એક્શન પર ચાલી રહેલા વિવાદ અંગે સલમાન આગાએ કહ્યું કે, "ઉસ્માનને ICCએ બે વાર ક્લીન ચીટ આપી છે. મને સમજાતું નથી કે તેના એક્શન વિશે આટલી વાતો કેમ થઈ રહી છે. તેને આ વાતોથી કોઈ ફરક પડતો નથી." જ્યારે પ્રેસ દ્વારા પૂછવામાં આવ્યું કે શું મેચ બાદ ભારતીય ખેલાડીઓ સાથે હાથ મિલાવવામાં આવશે? આ અંગે સસ્પેન્સ જાળવી રાખતા આગાએ કહ્યું, "હું અત્યારે આ વિશે કંઈ કહી શકું તેમ નથી, અમે આવતીકાલે મેદાન પર જ જોઈશું." નોંધનીય છે કે ICCની ચેતવણી બાદ પાકિસ્તાનનો બૉયકોટ ડ્રામા ખતમ થયો છે. બાબર આઝમના ફોર્મ અંગે કેપ્ટને કહ્યું કે તે રન બનાવી રહ્યો છે અને તે અમારા માટે ચિંતાનો વિષય નથી. જ્યારે ભારતીય ખેલાડી અભિષેક શર્મા વિશે તેણે કહ્યું કે, "અભિષેક મોટો ખેલાડી છે, અમે ઈચ્છીએ છીએ કે તે ફિટ થઈને રમે, કારણ કે અમે શ્રેષ્ઠ ટીમ સામે લડવા માંગીએ છીએ."

કોલંબોમાં ૬૦ ટકાથી વધુ વરસાદની આગાહી છે, જેના પર સલમાન આગાએ કહ્યું કે ભૂતકાળના રેકોર્ડ્સ કે ઈતિહાસ મહત્વના નથી, દરેક દિવસ નવો હોય છે અને અમે આ વખતે જીતવા માટે સર્વસ્વ જોર લગાવીશું.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3048

TATA PLAY
CHENNAL NO.
2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus

DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી રાજકીય ઈતિહાસમાં સૌથી નિર્ણાયક વળાંકોમાંની એક માનવામાં આવશે

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી તેના રાજકીય ઈતિહાસમાં સૌથી નિર્ણાયક વળાંકોમાંની એક માનવામાં આવશે. જુલાઈ ૨૦૨૪ના વિદ્યાર્થી આંદોલન પછી આ પહેલી સામાન્ય ચૂંટણી હતી, જેણે તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાને રાજીનામું આપવાની ફરજ પાડી હતી અને તેમના લાંબા સમયથી પ્રભુત્વ ધરાવતા પક્ષ, અવામી લીગના વર્ચસ્વનો અંત લાવ્યો હતો. આ ચૂંટણીએ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીને સ્પષ્ટ જનાદેશ આપ્યો. પક્ષના પ્રમુખ તારિક રહેમાનના વડા પ્રધાન બનવાની અપેક્ષા સાથે, બાંગ્લાદેશ પેઢીગત પરિવર્તન, વૈચારિક પુનઃસંતુલન અને પ્રાદેશિક રાજદ્વારી ગતિશીલતાથી પ્રભાવિત થઈને એક નવા રાજકીય યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. આ ચૂંટણી ફક્ત નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારને બદલવાની પ્રક્રિયા નહોતી. તે ૨૦૨૪ માં રાષ્ટ્રને હચમચાવી નાખનાર ઊંડા રાજકીય સંકટ પછી દેશનો માર્ગ નક્કી કરવાનો પ્રયાસ પણ હતો.

જુલાઈ ૨૦૨૪ ની ચળવળ શરૂઆતમાં સરકારી નોકરીઓમાં અનામત નીતિના વિરોધમાં શરૂ થઈ હતી, પરંતુ તે ટૂંક સમયમાં વ્યાપક અસંતોષમાં પરિણમી. સેંકડો લોકોના મૃત્યુએ સરકારની કાયદેસરતાને ગંભીર રીતે નબળી પાડી અને આખરે સત્તા પરિવર્તનનો માર્ગ મોકળો કર્યો. વચગાળાની સરકારે લોકશાહી પુનઃસ્થાપન અને સંસ્થાકીય સુધારાઓનું વચન આપ્યું, અને આ સંદર્ભમાં, ૧૩મી સંસદીય ચૂંટણી અને બંધારણીય સુધારાઓ પર લોકમત યોજવામાં આવ્યો. આ પરિણામ માત્ર સત્તા પરિવર્તન જ નહીં પરંતુ રાજકીય માળખામાં પણ એક મોટો ફેરફાર દર્શાવે છે. આ ચૂંટણીની સૌથી નોંધપાત્ર વિશેષતા અવામી લીગની ગેરહાજરી હતી. વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલા કથિત ગુનાઓના આધારે તેને ચૂંટણી લડવાથી રોકવામાં આવ્યો હતો. જોકે, તેની ગેરહાજરીએ દાયકાઓથી ચાલી આવતી દ્વિપક્ષીય સ્પર્ધાનો અંત લાવ્યો અને ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા કર્યા. ૧૯૯૦ થી, બાંગ્લાદેશનું રાજકારણ આવામી લીગ અને બીએનપી વચ્ચે ફરતું રહ્યું છે. બીએનપીનો વિજય પક્ષ માટે પુનરુત્થાન અને કસોટી બંનેનું પ્રતિનિધિત્વ કરે છે. વર્ષો સુધી વિરોધમાં રહ્યા પછી અને આંતરિક પડકારોનો સામનો કર્યા પછી, પક્ષ નવી ઉર્જા સાથે પાછો ફર્યો છે.

તારિક રહેમાનનું નેતૃત્વ પેઢીગત પરિવર્તનનું ચિહ્ન છે. આ પરિવર્તન માત્ર વચગાળાના વહીવટમાંથી સત્તાના હસ્તાંતરણને જ નહીં પરંતુ તેમની માતા, ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયા અને શેખ હસીનાના યુગથી આગળ વધવાનું પણ ચિહ્ન છે. બાંગ્લાદેશમાં વંશીય રાજકારણ પ્રભાવશાળી રહ્યું હોવા છતાં, રહેમાને તેમના ચૂંટણી પ્રચારમાં પ્રમાણમાં સંયમિત અને વ્યવહારિક અભિગમ અપનાવ્યો. તેમણે કાયદો અને વ્યવસ્થા, આર્થિક સુધારા અને યુવાનો માટે રોજગાર પર ભાર મૂક્યો. ભારત પ્રત્યે તેમનું વલણ નરમ રહ્યું, જે ભવિષ્યની રાજદ્વારી સંભાવનાઓ દર્શાવે છે. તેમની માતાના મૃત્યુને કારણે વિજય ઉજવણી મુલતવી રાખવાનો તેમનો નિર્ણય રાજકીય પરિપક્વતાનો સંદેશ આપે છે. ચૂંટણીનું બીજું મહત્વનું પાસું જમાત-એ-ઈસ્લામીનો ઉદય છે. તે મુખ્ય વિપક્ષી દળ તરીકે ઉભરી આવ્યું છે. તેનું પ્રદર્શન દર્શાવે છે કે રાજકીય ઈસ્લામ હજુ પણ બાંગ્લાદેશી રાજકારણમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે. ભલે તે સત્તામાં ન આવ્યું, પણ તેની બેઠકોમાં વધારો નોંધપાત્ર છે. તેનો ઉદય દેશના ધર્મનિરપેક્ષ વર્ગો અને પડોશી દેશો વચ્ચે ચિંતાનું કારણ બનશે.

નેશનલ સિટીઝન્સ પાર્ટી, ૨૦૨૪ ના આંદોલનમાંથી ઉભરી આવેલી વિદ્યાર્થી પાર્ટી, અપેક્ષિત સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ. ક્રાંતિકારી ઉર્જાને સંગઠિત રાજકીય શક્તિમાં પરિવર્તિત કરવી સરળ નથી, અને આ જ તેની સાથે થયું. જમાત-એ-ઈસ્લામી સાથેના તેના જોડાણથી તેના સમર્થકોમાં મૂંઝવણ ઊભી થઈ. આ અનુભવ દર્શાવે છે કે જન આંદોલનોમાંથી ઉભરી રહેલી શક્તિઓને સંસ્થાકીય રાજકારણમાં ટકી રહેવા માટે મજબૂત સંગઠન અને સંસાધનોની જરૂર પડે છે.

## કોલંબોમાં ક્રિકેટ ફીવર! ભારત-પાક ટક્કરથી શ્રીલંકાનું પ્રવાસન ચમક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

રવિવારે (૧૫ ફેબ્રુઆરી) આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો ખેલાવા જઈ રહ્યો છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં યોજાનારી આ મેચને લઈને ચાહકોમાં જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. આ હાઈ-વોલ્ટેજ મેચને કારણે શ્રીલંકાના પ્રવાસન અને એડવર્ટાઈઝિંગ માર્કેટમાં સુનામી આવી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મેચ જોવા માટે હજારો ભારતીય ચાહકો કોલંબો પહોંચી રહ્યા છે, જેને પગલે હવાઈ મુસાફરી અને હોટલના ભાડામાં ભારે ઉછાળો આવ્યો છે: ચેન્નાઈ અને દિલ્હીથી કોલંબોની ટિકિટના ભાવમાં ૫૦% થી ૩૦૦% સુધીનો વધારો થયો છે. સામાન્ય રીતે મળતી ટિકિટ હવે રૂ.૫૫,૦૦૦ થી રૂ.૬૩,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. કોલંબોની લક્ઝરી હોટલોમાં એક રાત્રિનું ભાડું રૂ.૫૫,૦૦૦ થી લઈને રૂ.૧.૫૦ લાખને પાર કરી ગયું છે. પ્રીમિયમ હોટલો અત્યારથી જ હાઉસફુલ છે.

એડવર્ટાઈઝિંગ માર્કેટમાં સોનાનો સૂરજ

- ટીવી અને ડિજિટલ પ્લેટફોર્મ પર જાહેરાત આપવા માટે કંપનીઓ પાણીની જેમ પૈસા વહાવી રહી છે.

- TV એડ રેટ: ૧૦ સેકન્ડના એડ સ્લોટનો ભાવ રૂ.૩૦ થી ૪૦ લાખ સુધી પહોંચી ગયો છે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૪/૦૨/૨૦૨૬


| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧ | ૪૯૦.૦૦ | ૫૨૫.૦૦ |
| ૨ | મગફળી | ૫૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૬૮૮.૦૦ |
| ૩ | એરંડા | ૫૯ | ૧,૨૦૧.૦૦ | ૧,૨૬૦.૦૦ |
| ૪ | રાયડો | ૮૦ | ૧,૦૦૫.૦૦ | ૧,૧૯૯.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૫૧૫.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૧૧૫ | ૧,૫૪૮.૦૦ | ૧,૫૯૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


# વિક્લી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં સાપ્તાહિક ધોરણે સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૭૬૫ તેજ, ચાંદીનો વાયદો રૂ.૭૩૮૦ ગબડ્યો

**ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૦ લપસ્યો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૫૯૨૯.૧૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૧૮૯૬૨.૨૩ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૮૪૭૦.૬૫ કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૨૬૨ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૬થી ૧૨ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૯૪૯૧૦.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૫૯૨૯.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૬૧૮૯૬૨.૨૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૨૬૨ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૩૫૭૬.૮૨ કરોડનું થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૮૪૭૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૩૯૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૦૨૫૦ અને નીચામાં રૂ.૧૪૯૩૯૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૦૭૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૬૫ વધી રૂ.૧૫૨૮૩૬ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૫૩૫ ઘટી રૂ.૧૨૪૯૭૭ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૦ વધી સપ્તાહના અંતે રૂ.૧૫૬૭૮ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની માર્ચ વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૨ વધી રૂ.૧૫૦૬૮૮ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૪૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૦૩૫૦ અને નીચામાં રૂ.૧૫૧૫૩૨ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૮૪૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૮૪ ઘટી રૂ.૧૫૩૬૬૩ થયો હતો.




ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૩૪૦૬૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૬૯૩૭૩ અને નીચામાં રૂ.૨૨૯૧૮૭ના સ્તરને સ્પર્શી, રૂ.૨૪૩૮૧૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૩૮૦ ઘટી રૂ.૨૩૬૪૩૫ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૬૪૭ ઘટી રૂ.૨૪૩૩૨૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૮૩૭૮ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૪૩૪૬૭ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૪૯૬૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૨૧.૭ ઘટી રૂ.૧૨૦૬.૩ના સ્તરે બંધ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૩.૧ વધી રૂ.૩૨૩.૩૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે ૪૦ પૈસા વધી રૂ.૩૦૭.૭ના ભાવે બંધ થયો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૮૭.૮ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૨૪૦૯.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૩૪૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૫૪૦ અને નીચામાં રૂ.૩૨૩૯ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૮૩ વધી રૂ.૩૪૨૬ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૭૩૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯૭૬ અને નીચામાં રૂ.૫૬૪૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૪૬ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૬૦ ઘટી રૂ.૫૬૮૬ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૫૮ ઘટી રૂ.૫૬૮૯ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૩.૧ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૯૪.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૨.૬ ઘટી રૂ.૨૯૪.૫ના સ્તરે સપ્તાહના અંતે બંધ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૮૩.૭ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬.૯ ઘટી રૂ.૯૬૬.૬ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૯૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૨ વધી રૂ.૨૬૧૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૮૨૩૫.૯૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૦૨૩૪.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૮૭૭૯.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૯૧.૧૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૫.૨૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૪૧.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨૩.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૦૩૭.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૨૪૭.૭૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૩.૧૬ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૯૧૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૬૨૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૫૩૭૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૪૦૪૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૯૮૨૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૨૫૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૧૧૧૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૩૨૧૬૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૧૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૯૯૯૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૫૯૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૩૬૭૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૯૯૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૭૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૧૭૮૯ પોઈન્ટ વધી ૩૯૨૬૨ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

### ગરવી ગુર્જરીની પ્રોત્સાહક પહેલે કલા-કારીગરોને આપ્યો ગૌરવમય મંચ

# વિધાનસભા સંકુલમાં અમદાવાદી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલી કલાની કલાકૃતિઓ બનશે આકર્ષણનું કેન્દ્ર






ગુજરાતની પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત વિધાનસભા હવે ગુજરાતના પ્રાચીન, પરંપરાગત અને સમૃદ્ધ સાંસ્કૃતિક કલા વારસાનો અરીસો બની છે. આગામી તા. ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા બજેટ સત્ર પહેલા ગુજરાત વિધાનસભા સંકુલ રાજ્યની પરંપરાગત તથા સાંસ્કૃતિક કલા-કારીગરીના રંગે રંગાઈ ગયું છે. બજેટ સત્રમાં આવનાર પ્રજાના પ્રતિનિધિઓ તથા અતિથિઓ અને મુલાકાતીઓ માટે વિધાનસભા સંકુલની ભીંતો પર કંડારાયેલી અમદાવાદી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલા કલાની લોક કલાકૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી' વિઝનને સાકાર કરવામાં અગ્રેસર વિધાનસભાના માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા રાજ્યની પરંપરાગત કલા-કારીગરીને પ્રજાના પ્રતિબિંબ સમાન વિધાનસભા સંકુલમાં સ્થાન આપી એક નવતર પગલું ભરવામાં આવ્યું છે. આ પગલું સમગ્ર રાજ્યની પરંપરાગત કલા સંસ્કૃતિ તથા તેની સાથે જોડાયેલા હજારો કલા-કારીગરોને તેમના કૌશલને પરંપરાગત રીતે આગળ વધારવા માટે પ્રેરણાબળ પૂરું પાડશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં હસ્તકળા અને હાથશાળ કલા-કારીગરીને સતત પ્રોત્સાહન મળતું રહ્યું છે અને એ જ દિશામાં આગળ વધતાં માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિધાનસભા સંકુલને ગુજરાતના સમૃદ્ધ કલા વારસાથી રંગવામાં આવ્યું છે. રાજ્યમાં પરંપરાગત કલા-કારીગરીને જીવંત રાખવાનું કામ કરતાં સરકારી સાહસ 'ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ' ('ગરવી-ગુર્જરી') રાજ્ય સરકારના આવા હકારાત્મક પ્રયત્નોને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપી રહી છે અને તેની જ પહેલે ગુજરાતના હજારો કલા-કારીગરોનું પ્રતિનિધિત્વ કરતા કલા-કારીગરોને વિધાનસભા સંકુલ તરીકે ગૌરવમય મંચ આપ્યો છે. તેના પગલે ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા સંકુલ માત્ર શાસનનું કેન્દ્ર નથી રહ્યું, પણ રાજ્યની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો જીવંત અરીસો બની ગયું છે. આ પહેલ હેઠળ વિધાનસભા સંકુલના વિવિધ વિસ્તારોમાં ગુજરાતની ભાતીગળ અને લોકવારસાની ઝાંખી કરાવતી અનોખી લોકકલાકૃતિઓ કંડારવામાં આવી છે, જે રાજ્યની કલા-કારીગરીની વૈવિધ્યતા અને વૈભવને પ્રતિબિંબિત કરે છે.

**કુશળતાના આધારે ત્રણ કળાઓની કરાઈ પસંદગી**

ગરવી ગુર્જરીએ વિધાનસભા સંકુલમાં રાજ્યના કલા વારસાને રજૂ કરવા માટે એક સશક્ત પ્લેટફોર્મ તરીકે કાર્ય કરીને, રાજ્યના પ્રતિભાશાળી હાથશાળ—હસ્તકલા કારીગરોને માર્ગદર્શન, પ્રેઝન્ટેશન અને યોગ્ય તક ઉપલબ્ધ કરાવી. ત્યાર બાદ ગરવી-ગુર્જરીની ટીમ દ્વારા કારીગરોની કળાનું વ્યવસ્થિત પ્રસ્તુતિકરણ તૈયાર કરી રજૂ કરવામાં આવ્યું અને તેમની કુશળતા તથા કળાના સ્તરના આધારે પસંદગી કરવામાં આવી.

ગુજરાત વિધાનસભા સંકુલ માટે પસંદ થયેલી મુખ્ય લોકકલાકૃતિઓમાં (૧) ગુજરાતનું પરંપરાગત મડ મિરર વર્ક (૨) છોટા ઉદેપુરની વારલી આર્ટ તથા (૩) અમદાવાદની માતાની પછેડી (પરંપરાગત કલમકારી કળા)નો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકકલાકૃતિઓ આજે વિધાનસભા સંકુલના ભીંતો અને વિસ્તારોને શોભા આપી રહી છે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરી રહી છે.

**વારલી કલા દ્વારા પ્રાચીન રાજસભાથી આધુનિક વિધાનસભા સુધીની યાત્રા ભીંતો પર કંડારાઈ**

વિધાનસભા સંકુલમાં વારલી કલા દ્વારા પ્રાચીન રાજસભાથી આધુનિક વિધાનસભા સુધની યાત્રા તથા ગ્રામ્યથી શહેરી વિકાસની ભાવનાત્મક તેમજ દશ્યાત્મક ઝાંખી વારલી પેન્ટિંગથી રજુ કરવામાં આવી છે. છોટા ઉદેપુરના પ્રતિભાશાળી વારલી કારીગર અર્ચનાબેન રાઠવાએ વારલી કલાનું પ્રદર્શન કર્યું છે.

છેલ્લા ૮ વર્ષથી ગરવી ગુર્જરી સાથે જોડાયેલા અર્ચનાબેનને આ કળામાં વર્ષ ૨૦૨૨માં રાજ્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અર્ચનાબેન કહે છે, "ગરવી ગુર્જરીના માર્ગદર્શન હેઠળ વિધાનસભા જેવા ગૌરવપૂર્ણ પ્રોજેક્ટ પર કામ કરવાની તક મળી; તે મારા માટે ગર્વની વાત છે."

**કચ્છી મડ મિરર વર્ક કલા વડે વિધાનસભા સંકુલમાં સાંસ્કૃતિક લોક કલાકૃતિઓ જીવંત કરાઈ**

વિધાનસભા સંકુલ પર ગુજરાતની પરંપરાગત કચ્છી મડ મિરર વર્ક કળાનો રંગ પણ છવાયો છે. આ કળાને નવી ઓળખ અપાવનાર ગીરીશ એ. પરમાર આજે આ લોકવારસાના અગત્યના કલાકાર તરીકે જાણીતા છે. મુલતાની માટી અને રંગીન કાચનો ઉપયોગ કરીને તૈયાર થતી આ કળા પરંપરાગત રીતે કચ્છના ભૂંગા ઘરોમાં જોવા મળતી હતી, જેને ગીરીશભાઈ આધુનિક અને પ્રતિષ્ઠિત સ્થાનોમાં સફળતાપૂર્વક રજૂ કરી રહ્યા છે. તેઓ તા. ૨૬ જાન્યુઆરીની ટેબ્લો પરેડમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે તથા સચિવાલય, અન્ય સરકારી કચેરીઓ અને ગરવી ગુર્જરી માટે અનેક વિશિષ્ટ પ્રોજેક્ટ્સ તેમણે પૂર્ણ કર્યા છે. આ અંગે ગીરીશભાઈ કહે છે, "હું ગરવી ગુર્જરીનો આભારી છું કે તેમણે મને વિધાનસભા જેવા ગૌરવપૂર્ણ સ્થળે મારી પરંપરાગત મડ મિરર (લીપણ વર્ક) કળા રજૂ કરવાની તક આપી. અહીં દેશભરના અધિકારીઓ અને સામાન્ય જનતા આવે છે, અને એ જગ્યાએ મારી પરંપરાગત કચ્છી કળા પ્રદર્શિત થવી મારા માટે ગર્વની વાત છે."

**અમદાવાદી માતાની પછેડી કલાએ સર્જ્યુ પરંપરા-આધુનિકતાનું સંગમ**

ગરવી ગુર્જરીના માર્ગદર્શન અને વિશ્વાસથી ચિતારા પરિવારે ગુજરાત વિધાનસભા સંકુલમાં અમદાવાદની પ્રાચીન માતાની પછેડી (કલમકારી) કળા રજૂ કરવાની ગૌરવસભર તક મેળવી. વિધાનસભાની દિવાલો પર માતાની પછેડી દ્વારા પરંપરા અને આધુનિકતાનું અનોખું સંકલન રજૂ કરવામાં આવ્યું છે કે જે સાંસ્કૃતિક વારસાને નવી દિશા આપે છે. આ કળાને જીવંત રાખનાર અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ચંદ્રકાંતભાઈ ચિતારા પરંપરાગત કળાના આગવા પ્રતિનિધિ તરીકે ઓળખાય છે. આ પ્રોજેક્ટમાં સહભાગી રહેલા ચંદ્રકાંતભાઈના પુત્રી મિત્તલ ચિતારા કહે છે, "વિધાનસભા સંકુલમાં કામ કરવાનો અવસર અમારા માટે ગૌરવની ક્ષણ છે. અમારી કલમકારી કળાને રાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મળી રહી છે અને જ્યારે અમે અહીં દિવાલ પર કલમકારી પેઈંટિંગ કરી રહ્યા છીએ, ત્યારે લોકો ઉત્સાહથી જોડાઈને કળાને નિહાળી રહ્યા છે. આ કલા માટે અમોને "ગરવી ગુર્જરી" ના માર્ગદર્શન હેઠળ સારો એવો પ્રતિસાદ મળ્યો છે."

નોંધનીય છે કે, ગરવી ગુર્જરી દ્વારા કારીગરોને માત્ર બજાર પૂરતું મંચ જ નહીં, પરંતુ પ્રતિષ્ઠિત સરકારી પ્રોજેક્ટ્સમાં ભાગીદારી કરવાની તકો ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ પ્રયત્નોથી સ્થાનિક કારીગરોની પ્રતિભાને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી રહી છે. ગુજરાતની પ્રાચીન હસ્તકલા આજે વિધાનસભા જેવા ગૌરવપૂર્ણ સંકુલમાં જીવંત બની રાજ્યના સાંસ્કૃતિક વારસાને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ગરવી ગુર્જરીનો આ પ્રયત્ન રાજ્યની કલા-કારીગરીને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.

## ભાવનગર મંડળના ચીત્તલ રેલવે સ્ટેશન પર રેલવે કર્મચારીઓની સતર્કતાથી યુવતી સુરક્ષિત

તારીખ ૧૩-૦૨-૨૦૨૬ના રોજ ગાડી નં. ૧૯૨૦૪ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ રાત્રે ૨૨:૫૫ વાગ્યે ચિત્તલ રેલવે સ્ટેશન પરથી રવાના થઈ હતી. ત્યારબાદ ફરજ પર રહેલા સ્ટેશન માસ્ટર શ્રી રાકેશ રોશન દ્વારા પ્લેટફોર્મનું નિરીક્ષણ કરતી વખતે એક યુવતી એકલી પ્લેટફોર્મ પર હાજર હોવાનું જણાયું.



પૂછતાછ કરતા યુવતીએ (રહેવાસી—વેરાવળ) જણાવ્યું કે તે ઘરેથી ભાગીને આવી છે. પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખી ફરજ પર રહેલા સ્ટેશન માસ્ટરે તરત જ રેલવે સુરક્ષા બળ (RPF) કંટ્રોલ સહિત તમામ સંબંધિત અધિકારીઓને જાણ કરી તેમજ મહિલા હેલ્પલાઈન નંબર ૧૮૧ પર ફોન કરીને માહિતી આપી. ત્યારબાદ મહિલા હેલ્પલાઈન ૧૮૧ મારફતે અમરેલી સિટી પોલીસને જાણ કરવામાં આવી. અમરેલીમાંથી મહિલા પોલીસ સ્થળ પર પહોંચી અને મામલાનો સંજ્ઞાન લઈ જરૂરી પૂછપરછ કરી. યુવતીના પરિવારજનોનો સંપર્ક કરીને તેમને સંપૂર્ણ માહિતી આપવામાં આવી. પરિવારજનોએ વેરાવળથી આવવાની ખાતરી આપી અને તેમની વાતચીત અમરેલી મહિલા પોલીસ સાથે કરાવવામાં આવી. તમામ જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ મહિલા પોલીસ યુવતીને પોતાના સાથે અમરેલી લઈ ગઈ.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com



નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

AAPના કાર્યકર્તાઓને તોડવા માટે ફોન પર ભરમાવતા રાજુ કરપડાઃ વિપુલ ઠાકોર AAP

# ખેડૂતોના આંદોલનને તોડવા રાજુ કરપડાને હાથો બનાવીને ભાજપે જે ષડયંત્ર રચ્યું એના AUDIO પુરાવા ગુજરાતની જનતા સમક્ષ આજે અમે રજૂ કર્યાઃ ડો. કરન બારોટ

## જૂના કેસના લીધે જેલમાં ના જવું પડે એટલે ભાજપમાં જોડાઉં છું, એવું રાજુ કરપડાએ પોતે સ્વીકાર્યુંઃ વિપુલ ઠાકોર AAP

અમદાવાદ/સુરેન્દ્રનગર/બોટાદ/પાટણ

આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટ, પાટણના કિસાન સેલના જિલ્લા પ્રમુખ વિપુલભાઈ ઠાકોર અને છઈઁ નેતા સ્વયંભાઈ સાલવીએ મહત્વપૂર્ણ મુદ્દે પત્રકાર પરિષદ યોજી હતી અને કઈ રીતે ભાજપે રાજુ કરપડાને હાથો બનાવીને ખેડૂતોના આંદોલનને કચડવાનું ષડયંત્ર રચ્યું એના પુરાવા વિપુલભાઈ ઠાકોર દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ પત્રકાર પરિષદમાં છઈઁ નેતા ડો. કરન બારોટે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને ખેડૂતોએ સાથે મળીને જબરદસ્ત આંદોલન શરૂ કર્યું હતું અને ત્યારબાદ ભાજપ ખૂબ જ મુશ્કેલીમાં મુકાયું હતું. ત્યારબાદ આ ખેડૂતોના આંદોલનને તોડવા માટે ભાજપે રાજુ કરપડાને હાથો બનાવ્યો અને જે ષડયંત્ર રચ્યું એના પુરાવા આજે અમે ગુજરાતની જનતા સમક્ષ રજુ કરવા જઈ રહ્યા છીએ. આમ આદમી પાર્ટીના નેતાઓને તથા ખેડૂતોને બદનામ કરવા માટે જે ષડયંત્ર રચાયું હતું તે મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા વિપુલ ઠાકોર આજે ઓડિયો રેકોર્ડિંગ રજૂ કરવા જઈ રહ્યા છે અને આ ઓડિયો રેકોર્ડિંગમાં તમામ વસ્તુઓ સ્પષ્ટ થઈ જાય છે કે આંદોલનને તોડવા માટે કઈ રીતે ષડયંત્ર કરવામાં આવ્યું.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના પાટણના કિસાન સેલના જિલ્લા પ્રમુખ વિપુલભાઈ ઠાકોરે મીડિયા સમક્ષ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, રાજુભાઈ કરપડાના જુના કેસો હતા એની ધમકીઓ આપીને ભાજપે રાજુભાઈ કરપડાને ભાજપમાં જોડવાનું નક્કી કર્યું છે. આ મુદ્દે હું ઓડિયો રેકોર્ડિંગ સાથેના પુરાવા આપવા જઈ રહ્યો છું. આ રેકોર્ડિંગની ઘટના જે દિવસે એમણે રાજીનામું આપ્યું તે દિવસની જ છે. હું ગાડીમાં બેઠો હતો અને મારી આગળની સીટમાં રાજુભાઈ પોતે બેઠા હતા અને તેઓ પોતાના મોઢેથી બોલી રહ્યા હતા કે "અમિતભાઈ શાહ હર્ષભાઈ સંઘવી દ્વારા બાંહેધરી આપવામાં આવી છે અને થોડા સમય પછી ત્યાં જવાનું છે" અને આ વાતચીતના સંપૂર્ણ રેકોર્ડિંગ આજે હું ગુજરાતની જનતા સમક્ષ રજૂ કરવા જઈ રહ્યો છું. રાજુભાઈ આમ આદમી પાર્ટીના નેતાઓ પરથી આક્ષેપો કરી રહ્યા છે એ મુદ્દે પણ એ ઓડિયોમાં કબુલ કરી રહ્યા છે. આ રેકોર્ડિંગ સ્પષ્ટ કરે છે કે રાજુભાઈ ડરી ગયા અને પોતાના સ્વાર્થ માટે એમણે પાર્ટી છોડી હતી.

ટ્રેડ ડીલ મુદ્દે રાજ્યપાલને મળવા જનાર AAPના પ્રતિનિધિ મંડળને રાજ્યપાલે મળવાનો સમય આપ્યો નહીં

# નામ "લોક ભવન", પણ માનસિકતા અંગ્રેજો જેવીઃ ગોપાલ ઈટાલિયા

## રાજ્યપાલ ભવનનું નામ બદલીને "લોક ભવન" કરવામાં આવ્યું પરંતુ પ્રજાના જન પ્રતિનિધિને મળવા માટે રાજ્યપાલ પાસે સમય નથીઃ ગોપાલ ઈટાલીયા

અમદાવાદ/ગાંધીનગર/ગુજરાત

આમ આદમી પાર્ટીનું પ્રતિનિધિ મંડળ ટ્રેડ ડીલ મુદ્દે રાજ્યપાલને મળવા માટે પહોંચ્યુ હતું પરંતુ રાજ્યપાલે મળવાનો સમય આપ્યો ન હતો. આ મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટી વિસાવદર ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે ભારત સરકારે અમેરિકા સાથે કરેલી ટ્રેડ ડીલના મુદ્દે ગુજરાતના માનનીય રાજ્યપાલને મળવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ ડેલિગેશન દ્વારા સમય માંગવામાં આવ્યો હતો, પરંતુ સમય આપવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું કે સરકારે રાજ્યપાલ ભવનનું નામ બદલીને "લોકભવન" રાખ્યું છે, પરંતુ માત્ર નામ બદલવાથી માનસિકતા બદલાતી નથી. જો રાજ્યપાલ ભવન ખરેખર લોકભવન છે, તો લોકોના પ્રતિનિધિઓને રાજ્યપાલને મળવાનો સમય મળવો જોઈએ. આમ આદમી પાર્ટીના ડેલિગેશન દ્વારા એક વખત નહીં, પરંતુ અગાઉ પાંચ વખત અલગ-અલગ મુદ્દાઓ પર રાજ્યપાલશ્રીનો સમય માંગવામાં આવ્યો હતો, છતાં ક્યારેય સમય આપવામાં આવ્યો નથી. ગેમ ઝોન, ખેડૂતોના મુદ્દે, માવઠાના મુદ્દે તેમજ અન્ય જાહેર મુદ્દાઓ પર રજૂઆત કરવા માટે વારંવાર સમય માંગવા છતાં સમય મળ્યો નથી. લોકભવનના પાટીયા બદલાવી

આપ
આમ આદમી પાર્ટી
ગુજરાત

જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ માનસિકતા બદલાઈ નથી. અંગ્રેજો જેવી માનસિકતા ધરાવે છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું કે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ ગુજરાત અને ભારતના ખેડૂતો, પશુપાલકો તેમજ નાના-મધ્યમ વેપારીઓને ભારે નુકસાન પહોંચાડનાર છે. આ ટ્રેડ ડીલ રદ થાય તેવી રજૂઆત કરવા માટે અમે ગવર્નર હાઉસ, એટલે કે કહેવાતા લોકભવન ખાતે આવ્યા હતા. ટ્રેડ ડીલ મુજબ અમેરિકાથી સસ્તુ દૂધ ભારતમાં આયાત થશે, જેના કારણે દૂધ ઉત્પાદન કરતા ભારતીય ખેડૂતોને મોટો ફટકો પડશે. હાલ દૂધ ઉત્પાદકોને પૂરતો ભાવ મળતો નથી, ખાણદાણ મોંઘા ભાવે મળે છે અને સંઘો દ્વારા યોગ્ય બોનસ આપવામાં આવતું નથી. આવી સ્થિતિમાં ભારત સરકારે અમેરિકાના દબાવમાં આવી દૂધ આયાતની છૂટ આપવામાં આવી છે તેને લઈને ખેડૂતોને વધુ નુકસાન થશે. તેમણે વધુમાં જણાવ્યું કે ખેતી સંબંધિત અન્ય ઉત્પાદનોમાં અમેરિકાનો માલ ભારતમાં ટેક્સ ફ્રી વેચાશે અને ભારતનું કૃષિ ઉત્પાદન અમેરિકામાં અઢાર ટકા ટેક્સ સાથે વેચાશે, જેના કારણે ભારતનું કૃષિ, પશુપાલન અને નાના-મધ્યમ વેપારીઓને તકલીફ પડશે. આ તમામ બાબતને લઈને આમ આદમી પાર્ટી ડેલિગેશન સાથે રજૂઆત કરવા આવી હતી. પરંતુ અમને મળવા દેવામાં આવ્યા નથી. પરંતુ અમને સમય આપવામાં આવશે તો આ કહેવાતા લોક ભવન ખાતે ખેડૂતો અને પશુપાલકોના હિતમાં ફરી રજૂઆત કરવા માટે રાજ્યપાલશ્રીને મળવા માટે અમે ફરીથી આવીશું.

# રાજુ કરપડા જેવા હાલ ઈસુદાન ગઢવીના થશેઃ ગોપાલભાઈ ઈટાલીયા પણ ઝાડુ મારી ભાજપમાં જોડાશેઃ અમરેલી કોંગ્રેસ પ્રમુખની ભવિષ્યવાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

બોટાદ કડદાકાંડ થી ચર્ચામાં આવેલા રાજુ કરપડાએ તાજેતરમાં આમ આદમી પાર્ટીમાંથી રાજીનામુ આપીને પાર્ટીને અલવીદા કહ્યુ છે. ત્યારે હવે રાજુ કરપડા અંગે સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય અને અમેરલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે મોટુ નિવેદન આપ્યુ છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે આમ આદમી પાર્ટીમાં નેતાઓ અંગે ભવિષ્યવાણી કરતા કહ્યુ હતુ કે હું ગુજરાતની જનતાને આજની તારીખ આજનો સમય લખી લેવા વિનંતી કરૂ છું કે જે રાજુ કરપડાના હાલ થયા છે. વિસાવદરના ઈલેકશન વખતે રાજુભાઈ મજા આવે તેવા નિવેદન કરતા હતા. પણ વર્તમાન રાજકીય પરીસ્થિતિ જોતા ઈસુદાનભાઈના પણ આ હાલ થવાના છે, ટુંક સમયમાં હવે પછીનો ભોગ ઈસુદાનભાઈનો લેવાવાનો છે. ગોપાલ ઈટાલીયા અંગે પણ ભવિષ્યવાણી કરતા પ્રતાપ દુધાતે કહ્યુ હતુ કે ગોપાલભાઈ ઈટાલીયા આમ આદમી પાર્ટી મુકત કરી અને પોતે પણ ઝાડુ મારીને ભારતીય જનતા પાર્ટીમાં જવાના છે. સાવર કુંડલાના પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની આમ આદમી પાર્ટીના નેતાઓ અંગે ભવિષ્યવાણીથી ગુજરાતનુ રાજકારણ માં ગરમાવો આવી જવા પામ્યો છે.



# ગંગા સ્વરૂપા યોજનામાં મોટો બદલાવઃ હવે વિધવા સહાય સીધી ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતામાં જમા થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા વિધવા મહિલાઓને સામાજિક સુરક્ષા અને આર્થિક આત્મનિર્ભરતા પુરી પાડવા માટે કાર્યરત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા નાણાંકીય સહાય) હેઠળ હવે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ યોજનાના તમામ લાભાર્થીઓને હવે તેમની સહાયની રકમ ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ના ખાતા મારફતે ચુકવવામાં આવશે. આ નવી વ્યવસ્થાને કારણે મહિલાઓને હવે બેંક કે પોસ્ટ ઓફીસના ધક્કા ખાવાને બદલે ઘર આંગણે જ નાણાંકીય સેવાઓ ઉપલબ્ધ થશે. પોસ્ટ માસ્તર જનરલ કૃષ્ણકુમાર યાદવે નવસર્જન સંસ્કૃતિ સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મહિલા અને બાળ વિકાસ



વિભાગ ગુજરાત સરકાર દ્વારા તમામ લાભાર્થીઓના ખાતા ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક મા ટ્રાન્સફર કરવાની પહેલ કરવામાં આવી છે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ આધાર આધારીત ડીબીટી દ્વારા કોઈપણ વચેટીયા વગર સીધો લાભ મહિલાઓ સુધી પહોચાડવાનો છે. ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે શુન્ય બેલેન્સ થી ખોલી શકાય છે. આ ઉપરાંત પોસ્ટમેન અને ગ્રામિણ ડાક સેવા દ્વારા લાભાર્થીની વિનંતી પર ઘરે જઈને પણ ખાતુ ખોલી આપવાની તેમજ રકમ ઉપાડવાની સુવિધા આપવામાં આવશે. ઉત્તર ગુજરાત પરીક્ષેત્રમાં આશરે ૧,૪૭,૬૪૭ જેટલા લાભાર્થીઓ હાલમાં પોસ્ટ ઓફીસ દ્વારા સહાય મેળવી રહયા છે. આ તમામના ખાતા ઈન્ડીયન પોસ્ટ પેમેન્ટ્સ બેંક માં રૂપાંતરીત કરવા માટે પોસ્ટ વિભાગ દ્વારા આજે તારીખ ૧૪ ફેબ્રુઆરી થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાન હેઠળ કેટલાક જિલ્લાઓ આવરી લેવામાં આવશે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે. લાભાર્થીઓ નજીકની પોસ્ટ ઓફીસનો સંપર્ક કરીને અથવા પોસ્ટમેન દ્વારા ઘર બેઠા ખાતુ ખોલાવી શકે છે. આ માટે જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, આધાર સાથે લીંક થયેલ મોબાઈલ નંબર, જુના બચત ખાતાની પાસબુક દસ્તાવેજો તરીકે આપવા પડશે. જો કોઈ લાભાર્થી પાસે પેહેલેથી જ ઈન્ડીયન પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતુ હોય તો તેમણે માત્ર આધાર સીડીંગ કરાવવાનુ રહેશે. આ ઉપરાંત લાભાર્થીનુ નવુ ઈન્ડીયન પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતુ તેમના જુના પોસ્ટ ઓફીસ બચત ખાતા સાથે પણ લીંક કરી શકાશે. જેથી બંને ખાતાના લાભો એક સાથે મળી શકે.

બનાસકાંઠા મંડળના અધિક્ષક આર એ ગોસ્વામીના કહેવા પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૧૩૭૮ મહિલાઓ આ યોજનાનો લાભ લઈ રહી છે. જો કોઈ લાભાર્થીને ખાતુ ખોલવા માં કે અન્ય કોઈ તકનીકી મુશ્કેલી પડે તો તેઓ સહાય માટે હેલ્પલાઈન નંબર ૯૫૮૮૦ ૩૫૮૦૦ પર સંપર્ક કરી શકે છે.

# ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

આમ તો શિવરાત્રીએ શિવની પુજા થતી હોય છે. પરંતુ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ દેવમોગરા ખાતે શિવ નહિ, પણ શક્તિની પૂજા થાય છે. અહીં પાંડોરી માતાના મેળામાં ગુજરાત સહિત અન્ય રાજયોમાંથી લાખો આદિવાસી શ્રદ્ધાળુઓ આવે છે અને બાધા આખળી પૂરી કરે છે. શિવરાત્રિ એટલે ભોળાનાથને રીઝવવાનો દિવસ. પણ અહી નર્મદા જિલ્લામા મહાશિવરાત્રિની રાત્રે શિવ નહીં પણ શક્તિની આરાધના સમો પાંડોરી માતાનો પાંચ દિવસનો મેળો ભરાય છે. ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ, જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે. ગુજરાતમાં દારૂબંધી છે, અહીં રોક ટોક વગર ભક્તો દારૂનો ચઢાવો ચઢાવે છે. નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આવેલ દેવમોગરા ગામે પાંડુરી માતાજીનું મંદિર આવેલું છે. આ માતાજીને આદિવાસીઓના કુળ દેવી છે. મહા શિવરાત્રિએ અહીં ભવ્ય મેળો ભરાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી આદિવાસીઓ આવે છે અને કુળ દેવી પાંડોરી માતાને નમન કરે છે. બાધા આખળીપુરી કરે છે. દેવમોગરા ટ્રસ્ટના ઉપપ્રમુખ નાનસિહ વસાવાએ જણાવ્યું કે, ઈ.સ.પુર્વે સન ૧૦૮૫ મા અહીં સાગબારાના રાજવી પરિવાર દ્વારા આ મંદિર બનાવી પુજન કર્યા બાદ આજ સુધી રાજવી પરીવાર દ્વારા જ અહીં શિવરાત્રિએ પુજન કરાય છે. પરંતુ સન ૧૯૮૩થી વ્યવસ્થાના ભાગ રૂપે એક ટ્રસ્ટ બનાવાયુ છે. ભારતભરમા આઠ ટકા વસ્તી આદિવાસીઓની છે. તેમાંય ગુજરાતમા વસતા ૧૫ ટકા તથા ભારતભરના આદિવાસીઓની કુળદેવી માતા પાંડોરી હોવાથી પાંચ દિવસ ચાલનારા આ મેળામા આદીવાસીઓની સંખ્યા અગણીત હોય છે. અડગ શ્રધ્ધા ધરાવતા આદિવાસીઓ માને છે કે ચોમાસા પછી તરતજ આવતા આ મેળામા ધન ધાન્ય કે જે માનતા માની હોય તે ચીજ ચઢાવવાથી બારેમાસ સુખસમૃધ્ધી મળે છે અને તેને કારણે જ દૂરદૂરથી આદિવાસીઓ દર વર્ષે અહીં આવી માનતા પુરી કરે છે. નીત નવા વસ્ત્રોનો શૃંગાર કરી મેળો મહાલે છે. અનાદિકાળના પૌરાણીક જંગલમા ઋષિમુની સમા ઉભેલા વૃક્ષો વચ્ચે નીરવ શાંત વાતાવરણમા માતા પાંડોરી બિરાજમાન છે. આ પાંડોરી માતાને આદિવાસીઓ મેરાલી માતા, માતા યાહામોગી અથવા યાહા મોગરાઈ માતાના નામથી સંબોધે છે. વર્ષો અગાઉ આ મંદિર સામાન્ય વાંસના ખપેડામાંથી બનાવેલા મકાન જેવું હતું. આજે અહીં લાખોના ખર્ચે નેપાળનાપશુપતિનાથની પ્રતિકૃતિ સમાન મંદિર બનાવવામા આવ્યુ છે. દેવમોગરા પાંડોરી માતા આદિવાસી સમાજના કુળદેવી હોઈ જેમની આસ્થા અને શ્રદ્ધા અનેરી છે. આ સ્થાન પર માંગેલ માનતા પૂર્ણ થાય છે. ગુજરાતનું એક માત્ર તીર્થ ધામ જ્યાં ભોગમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે. ગુજરાતમાં દારૂબંધી છે, પણ અહીં રોક ટોક વગર ભક્તો દારૂનો ચઢાવો ચઢાવાય છે.

પાંડવોના સમયથી આ મંદિર અહીં પ્રચલિત છે. એવી લોકવાયકા પણ છે કે પાંડવોએ અહીં નિવાસ કરી આ માતાનુ પુજન શિવરાત્રએ કર્યૂ હતું અને તેથી જ આ માંપાંડોરી કહેવાય છે. ત્યારથી દર વર્ષ મહા શિવરાત્રીએ અહીં મેળો ભરાય છે. કહી શકાય કે જ્યાં આસ્થા અને શ્રદ્ધા હોઈ ત્યાં કોઈ પુરાવાની જરૂર હોતી નથી.

# સ્કુલના આચાર્યએ આચર્યુ કલંકીત કૃત્યઃ મહિલાને એકાંતમાં મળવા બોલાવી એલસી આપવાના બહાને

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



શહેરમાં શિક્ષણ જગતને કલંકીત કરતી એક ચોંકાવનારી ઘટના બહાર આવી છે. નડીયાદની એક શાળાના આચાર્ય અમદાવાદના વટવા જીઆઈડીસી વિસ્તારની એક હોટલમાંથી એક મહિલા સાથે ઝડપાયા હતા. જે મામલે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા આરોપી આચાર્યની ધરપકડ કરવામાં આવી છે.

આચાર્યએ એલસી લેવાના બહાને મહિલાને હોટલમાં બોલાવી તેની મજબુરીનો દુરુપયોગ કરી તેનુ શોષણ કરવા માંગતો હોવાનો આરોપ લાગ્યો છે. સામાન્ય રીતે શાળાઓમાં એલ સી એટલે કે બાળકોનુ લીવીંગ સર્ટીફીકેટ લેવા બાબતે ફી બાકી હોય તો તેને હેરાન કરવામાં આવતા હોવાના કિસ્સા બનતા હોય છે. પરંતુ અમદાવાદ શહેરમાં એક એવો કિસ્સો બહાર આવ્યો છે જે શિક્ષણ જગતમાં ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. નડીયાદની એક શાળામાં ઈન્ચાર્જ આચાર્ય કિરીટ ઝાલા પર ગંભીર આરોપો લાગ્યા છે. આચાર્ય કિરીટ ઝાલાએ પોતાની જ શાળાના એક બાળકની માતાને એલ સી આપવા અમદાવાદ ની હોટલમાં બોલાવી હતી. જો કે તેની જાણ ફરીયાદી મહિલાના સંબંધી ને થતા તેના મિત્રો સાથે હોટલ પર પહોચ્યા અને આરોપી આચાર્યને ઝડપી લઈ મહિલાની મજબુરીનો ફાયદો ઉઠાવી તે પહેલા જ તેનો પર્દાફાશ કરી નાખ્યો હતો. વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં આચાર્ય વિરૂધ્ધ ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ અંગે વટવા જીઆઈડીસીના ઈન્ચાર્જ પીઆઈ પરીમલ દેસાઈએ નવસર્જન સંસ્કૃતિ સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ફરીયાદી મહિલાને બે બાળકો આશ્રમ શાળામાં અભ્યાસ કરતા હતા. જો કે તેમને ભણવાનુ છોડી દીધુ હોવાના કારણે એલ સી લેવાની જરૂરીયાત ઉભી થઈ હતી. જેથી તેને આશ્રમ શાળામાં એલસી લેવા માટે પ્રક્રિયા કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે ઝડપાયેલ આરોપી આચાર્ય નડીયાદની આશ્રમ શાળામાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવે છે. જે વર્ષ ૨૦૧૦ થી શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલો છે. તપાસમાં એ પણ બહાર આવ્યુ છે કે આચાર્યએ ફરીયાદી મહિલાને જો એલસી લેવુ હસે તો ૩ વાર તેને એકાંતમાં મળવુ પડશે તેવુ કહ્યુ હતું. પોલીસને બંને વચ્ચે ટેલીફોનીક વાતચીત અને વોટસએપ ચેટ પણ મળી આવી છે. જે અંગે તપાસ ચાલી રહી છે. ૧૩ ફેબ્રુઆરીના રોજ બનેલી આ ઘટનામાં ફરીયાદીના પરીવારજનોએ હોટલમાં પહોચી હોબાળો મચાવ્યો હતો અને આચાર્યને મેથીપાક ચખાડયો હતો.

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા સ્પાઈન સર્જરી બાદ મંત્રીની વાપસીઃ વિધાનસભામાં આપશે હાજરી

## બે મહિનાની રજા બાદ આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા સક્રિયઃ સોમવારથી સંભાળશે કામકાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા લાંબી તબીબી રજા બાદ હવે ફરી સક્રિય ભુમિકામાં પરત ફરી રહયા છે. સ્પાઈન સર્જરી બાદ છેલ્લા લગભગ બે મહિનાથી તેઓ મેડીકલ સારવાર અને આરામ હેઠળ હતા. હવે તબીબોની મંજુરી મળ્યા બાદ તેઓ આવતી કાલે વિધાનસભા સત્રના પ્રથમ દિવસે સત્તાવાર રીતે પોતાના કાર્યાલય અને વિધાનસભા કામગીરી સંભાળે.



સુત્રોના કહેવા પ્રમાણે પાનસેરીયાએ સર્જરી પછી પુનઃ સ્વસ્થ થવા માટે સંપૂર્ણ આરામ અને ફીઝીયોથેરાપી લીધી હતી. આ સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગની જવાબદારીઓ અન્ય મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા સંભાળવામાં આવી હતી. અને છેલ્લે આરોગ્ય વિભાગની જવાબદારી મુખ્યમંત્રીને સોંપવામાં આવી હતી. હવે તેઓ ફરી સક્રિય થતા આરોગ્ય વિભાગના અનેક મહત્વના મુદ્દાઓ પર નિર્ણય પ્રક્રિયા ઝડપી થવાની અપેક્ષા છે. આરોગ્ય મંત્રી આવતીકાલે સોમવારથી વિધાનસભામાં હાજરી આપશે. અને વિભાગ સંબંધીત બેઠકો, સમિક્ષા બેઠક તેમજ નીતીગત ચર્ચાઓમાં ભાગ લેશે. ખાસ કરીને રાજયમાં આરોગ્ય માળખા સુધારણા, સરકારી હોસ્પીટલોની સુવિધાઓમાં વધારો, ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફની ભરતી, જિલ્લા પંચાયતોમાં આઉટ સોર્સિંગ ભરતીમાં થયેલો વિલંબ તેમજ જાહેર આરોગ્ય યોજનાઓની અમલવારી જેવા મુદ્દાઓ પર તેમનુ ધ્યાન કેન્દ્રીત રહેશે.

પાર્ટી વર્તુળોમાં પણ તેમના પરત ફરવાથી સકારાત્મક વાતાવરણ સર્જાયુ છે. ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમના સ્વસ્થ થવા પર ખુશી વ્યકત કરી છે અને આશા વ્યકત કરી છે કે તેમના નેતૃત્વ હેઠળ આરોગ્ય વિભાગ વધુ અસરકારક રીતે કામ કરશે. આ સાથે જ આગામી સમયમાં આરોગ્ય સંબંધીત કેટલીક મહત્વની નીતિ ઘોષણાઓ અને યોજનાઓની સમિક્ષા થવાની પણ શકયતા છે. લાંબા વિરામ બાદ પ્રફુલ પાનસેરીયાની કાર્યક્ષેત્રમાં વાપસી રાજયના આરોગ્ય વ્યવસ્થાને નવી ગતિ આપશે તેવી રાજકીય વહિવટી વર્તુળોમાં ચર્ચાએ જોર પકડયુ છે.

યુ.એન. મહેતા હોસ્પિટલમાં કરાયા દાખલ

# ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને માઈનોર હાર્ટ એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

## ગુજરાતના શિક્ષણ મંત્રીની તબિયત અચાનક લથડતા તેમને અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાને લઈને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હાર્ડ એટેક આવતા તાત્કાલિક અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તેમને માઈનોર હાર્ટ એટેક આવ્યો હોવાનું સામે આવ્યું છે. નોંધનીય છે કે, પ્રદ્યુમન વાજા સાંજ સુધી મુખ્યમંત્રી સાથે નિર્ધારિત જાહેર કાર્યક્રમમાં વ્યસ્ત હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેમને અચાનક તબિયત લથડતા તેઓ સ્વૈચ્છિક રીતે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે રૂટિન ચેકઅપ માટે પહોંચ્યા હતા. તબીબો દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક ટેસ્ટ અને તપાસમાં હૃદયની નળીઓમાં બ્લોકેજ હોવાનું માલુમ પડ્યું હતું.રિપોર્ટમાં બ્લોકેજ જણાતા તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. તબીબો દ્વારા ચેકઅપ કરવામાં આવાતા તેમના હૃદયમાં બ્લોકેજ હોવાનું જાણવા મળ્યું હતું. જયારબાદ તાત્કાલિક તેમની એન્જિયોપ્લાસ્ટી કરવાનો નિર્ણય લેવાયો હતો. તેમને બ્લોકેજને કારણે એક સ્ટેન્ટ મુકવુ પડ્યું છે. હોસ્પિટલના સૂત્રો અને મળતી માહિતી અનુસાર, સર્જરી બાદ તેમની તબિયત સારી અને સ્થિર હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. હાલ તેઓ તબીબોની દેખરેખ હેઠળ છે. શિક્ષણ મંત્રીની તબિયત હાલ સુધારા પર છે.

# જૂનાગઢ-કેશોદમાં બે સગીરાઓ પર દુષ્કર્મની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ અને કેશોદ પંથકમાં બે સગીરાઓ સાથે દુષ્કર્મ આચરાયું હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. બંને કિસ્સામાં પોલીસે પોક્સો (POCSO) સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જૂનાગઢમાં રહેતી સગીરા સાથે અરમાન જહાંગીર થઈન નામના શખસે મિત્રતા કેળવી હતી, બાદમાં સગીરાને લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરી ફોટા પાડી લીધા હતા. આ અંગે જાણ થતાં પરિવારજનો હતપ્રભ બની ગયા હતા. આ અંગે ફરિયાદ થતા બી ડિવિઝન પોલીસે પોકસો સહિતની કલમ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કેશોદ પંથકમાં પણ એક સગીરા નરાધમનો શિકાર બની છે. અહીં વિશ્વાસઘાતની ઘટના સામે આવી છે. સગીરા સાથે કામ કરતા બાલાગામના મહેશ કનૈયાલાલ રામાનંદીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે ફરિયાદ થતા પોલીસે પોકસો સહિતની કલમ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બંને કિસ્સામાં પોલીસે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) હેઠળ કડક કાર્યવાહી શરૂ કરી છે. સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોથી અજાણ્યા વ્યક્તિઓ સાથે મિત્રતા કેળવતા પહેલા સાવચેત રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા વાલીઓને અપીલ કરવામાં આવી છે.

### PM મોદીએ ખેડૂતો વિરોધી નિર્ણય લીધોઃ ઈસુદાન ગઢવી

# અમેરિકા-ભારતની ટ્રેડ ડીલના કારણે ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગો બરબાદ થઈ જશેઃ ઈસુદાન ગઢવી

## અમેરિકાની પેદાશો ૦ ડ્યુટી સાથે ભારતમાં આવશે તો ભારતના ખેડૂતો બરબાદ થશેઃ ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પફન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી, મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડો. જ્વેલ વસરા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ સહિત પ્રદેશના પદાધિકારીઓ આજે રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. તે પહેલાં પ્રેસ કોન્ફરન્સ દ્વારા મીડિયાને સંબોધિત કરતા AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી છે અને પાંચ ધારાસભ્યો સાથે સતત જનતા વચ્ચે રહી લોકોના મુદ્દાઓ ઉઠાવી રહી છે તેમ છતાં રાજ્યપાલને મળવા માટે સમય આપવામાં આવતો નથી. ૨૬-૦૯-૨૦૨૪ના રોજ રાજકોટ કેમ્પ ઓફિસ ખાતે પ્રથમ પત્ર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરીથી રીમાઈન્ડર કરાવવામાં આવ્યું. ૨૫ જુલાઈ ૨૦૨૪ના રોજ ફરીથી યાદ અપાવવામાં આવ્યું, ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ વિવિધ જાહેર મુદ્દાઓ અંગે રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા માંગતો પત્ર આપવામાં આવ્યો અને




ત્યારબાદ ચૈતર વસાવા દ્વારા પણ અલગથી પત્ર લખાયો હતો. છતાં મુલાકાત માટે સમય આપવામાં આવ્યો નહોતો. શું આ ભાજપ - કોંગ્રેસની ગોઠવણ છે? આજે રાજ્યપાલ હાલમાં ઉપલબ્ધ ન હોવા છતાં પાર્ટીએ નક્કી કર્યું છે કે તેઓ સત્તાવાર રીતે અરજીપત્ર સુપરત કરશે.

AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે ગુજરાતની જનતાના પ્રશ્નો અંગે કોઈ કચાશ રાખવામાં આવશે નહીં અને ખાસ કરીને ખેડૂતો, વંચીતો, ગરીબો, શોષિતો, નાના ઉદ્યોગકારો અને પશુપાલકોના હિત માટે લડત ચાલુ રહેશે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે અમેરિકા સાથે થનારી ટ્રેડ ડીલથી ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારોને ગંભીર નુકસાન થવાની શક્યતા છે. શું એપસ્ટીન ફાઈલ કે અદાણીના કેસના કારણે દબાઈને આ ટ્રેડ ડીલ કરવામાં આવી છે ? તેમના જણાવ્યા મુજબ અગાઉ અમેરિકન ઉત્પાદનો પર આશરે ૩૦ ટકા જેટલો ટેક્સ લાગતો હતો, જેને શૂન્ય કરવામાં આવી શકે છે, જ્યારે ભારતીય ઉત્પાદનો પર વધારે કરનો ભાર આવી શકે છે. હાલ ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળતા નથી, પાક વીમાની યોગ્ય અમલવારી નથી અને સિંચાઈ તથા વીજળીના ખર્ચમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં સબસિડીયુક્ત વિદેશી કૃષિ ઉત્પાદન બજારમાં આવશે તો સ્થાનિક ખેડૂતોને સ્પર્ધા કરવી મુશ્કેલ બનશે. તેમણે દાવો કર્યો કે અમેરિકામાં ખેડૂતોને મોટી રકમની સબસિડી આપવામાં આવે છે, જેના કારણે તેમનો ઉત્પાદન ખર્ચ ઓછો રહે છે. પરિણામે તેમનું ઉત્પાદન અહીં સસ્તું પડશે અને સ્થાનિક બજારમાં ભાવ ઘટી શકે છે. પશુપાલન ક્ષેત્ર અંગે તેમણે જણાવ્યું કે દુધના ભાવમાં સ્થિરતા નથી, નકલી દુધનો વેપાર વધી રહ્યો છે અને ઘણા સ્થળોએ સંઘોની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા છે. આવી પરિસ્થિતિમાં વિદેશી ડેરી ઉત્પાદનોને છૂટછાટ આપવામાં આવશે તો સ્થાનિક પશુપાલકોને વધુ નુકસાન થઈ શકે છે.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે અમેરિકાની ગાયોને નોનવેજ ખોરાક આપવામાં આવે છે અને એ દૂધની પ્રોડક્ટ ભારતમાં આવશે, આ ભાજપ સરકાર શું કરી રહી છે ? જે લોકો સાત્વિક છે અને નોનવેજ નથી ખાતા, શું એ લોકોને પણ હવે ભાજપ નોનવેજવાળું દૂધ પીવડાવશે? જો અત્યારે ગુજરાતમાં AAPની સરકાર હોત તો હાલના ભાવ કરતાં રૂા.૧૫ પ્રતિ લીટર વધારે પશુપાલકોને મળતા હોત. ભાજપ જેટલો સમય સત્તામાં રહેશે એટલા આપણા ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગો પતન તરફ જશે. સરકાર જવાબ આપે કે અમેરિકાના ખેડૂતોની પ્રોડક્ટ ભારતમાં કેમ આવી રહી છે? AAP સરકાર દ્વારા અને પ્રાઈવેટ વેપારી પણ પંજાબમાં ખેડૂત પાસેથી ટેકાના ભાવથી પાક ખરીદે છે. જનતાને વિનંતી કરતા વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી જાતિ જ્ઞાતિના આગેવાનોને કહેવાથી વોટ આપ્યા એટલા માટે ખેડૂતોએ અને પશુપાલકોએ ભોગવવું પડે છે, આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ખેડૂતો, પશુપાલકો, નાના ઉદ્યોગકારો મુદ્દાની રાજનીતિ કરવાવાળાને મત આપજો.

### ભાદર નદીમાં કેમિકલ પ્રદૂષણથી ખેડૂતોને ભારે નુકસાનઃ ધાર્મિક માથુકિયા AAP

# ભાદર નદી પ્રદૂષણ મામલે AAPનું આક્રમક વલણ, 'ભાદર બચાવો' અભિયાન તેજ

અમદાવાદ/જેતપુર/ગુજરાત

ભાદર નદીમાં વધતા કેમિકલ પ્રદૂષણ સામે આમ આદમી પાર્ટી દ્વારા ''ભાદર બચાવો'' અભિયાન તેજ કરવામાં આવ્યું છે. કેમિકલ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટીના નેતા મહેશ કોટડીયા છેલ્લા પાંચ દિવસથી અડીખમ ઉપવાસ પર બેઠા છે. તેમના આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ભાદર નદીના કાંઠા વિસ્તારના પ્રદૂષણથી અસરગ્રસ્ત ગામોમાં પક્ષના નેતા ધાર્મિક માથુકિયાની આગેવાનીમાં ડોર-ટુ-ડોર સંપર્ક અભિયાન અને જનસભાઓ યોજાઈ રહી છે. આજે લુણાગરી, લુણાગરા અને કેરાળી ગામોમાં ''ભાદર બચાવો'' સભાઓ યોજાઈ હતી, જેમાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. AAP નેતા ધાર્મિક માથુકિયાએ આ મુદ્દે જણાવ્યું હતું કે જેતપુરના સાડી ઉદ્યોગોમાંથી છોડાતા કેમિકલયુક્ત પાણીના કારણે ભાદર નદી ગંભીર રીતે પ્રદૂષિત બની રહી છે. તેના પરિણામે જેતપુર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ભારે પાક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. ઉપરાંત, પીવાના પાણીમાં કેમિકલ મિશ્રણ થવાથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર થતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. આ મુદ્દે અગાઉથી રજૂઆતો છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં, જેતપુર તાલુકા પ્રમુખ દિલીપભાઈ ભુવા દ્વારા મુદ્દાને ઉજાગર કરી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી પણ જેતપુર પહોંચીને આંદોલનને સમર્થન આપ્યું હતું.

આમ આદમી પાર્ટીની મુખ્ય માંગણીઓ છે કે ૧.ભાદર નદીમાં છોડાતા કેમિકલનું તાત્કાલિક બંધ કરવું. ૨.જવાબદાર ઉદ્યોગો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી. ૩.પાક નુકસાન પામેલા ખેડૂતોને યોગ્ય વળતર આપવું. ૪.અસરગ્રસ્ત વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી તાત્કાલિક ઉપલબ્ધ કરાવવું. ધાર્મિક માથુકિયાએ સ્પષ્ટ જણાવ્યું છે કે પર્યાવરણ અને ખેડૂતોના જીવન સાથે કોઈપણ પ્રકારનું સમાધાન સ્વીકાર્ય નથી. નદી, જમીન અને લોકોના આરોગ્યના પ્રશ્ને ન્યાય ન મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટીની લડત અવિરત ચાલુ રહેશે.

# દેવુ થતા કેમિસ્ટે ગુગલ પર સર્ચ કરી બાથરૂમમાં લેબ બનાવી શરૂ કર્યુ એમ ડી ડ્રગ્સનુ ઉત્પાદન

### જીઆઈએલ કંપનીનો ૪૮ હજાર નો પગારદાર પ્રોડકશન ઓફીસર બન્યો એમ ડી ડ્રગ્સનો ઉત્પાદક





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ગુગલ સર્ચ કરી એમ ડી ડ્રગ્સ બનાવતા અંકલેશ્વર ના કેમિસ્ટની ભરૂચ એસઓજીએ ધરપકડ કરી છે. શેર બજારમાં રૂપીયા ૨૦ લાખનુ દેવુ થઈ જતા ઘરના બાથરૂમમાં જ કેલેન્ડેસ્ટાઈન લેબ બનાવી ડ્રગ્સ બનાવવાનુ શરૂ કર્યુ હતું. અંકલેશ્વરમાં ડ્રગ્સ બનાવવાની ફેકટરી ઝડપાયા બાદ હવે ભાડાના ફલેટમાં માસ્ટર બેડરૂમના એટેચ ટોયલેટ બાથરૂમમાં એમ ડી ડ્રગ્સ બનાવાયેલી લેબ ઝડપાઈ છે.

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મેફેડ્રોન એમ ડી ડ્રગ્સ બનાવતી લેબ નો પર્દાફાશ ભરૂચ એસઓજીએ કર્યો છે. ભરૂચ એસઓજીની ટીમે રહેણાંક વિસ્તારમાં આવેલી સિધ્ધ કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના બી બ્લોકમાં આવેલા ભાડાના મકાન નંબર ૩૦૧ પર ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન મકાનના બાથરૂમમાં જ ડ્રગ્સ બનાવવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનુ બહાર આવ્યુ હતું. પોલીસને સ્થળ પરથી અંદાજે ૭૪.૮૮ ગ્રામ તૈયાર મેફેડ્રોન એમ ડી ડ્રગ્સ તેમજ નોધપાત્ર માત્રામાં ૨૪ કેમીકલ્સ, અન્ય કાચો માલ અને ઉપકરણો મળી આવ્યા હતા. ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગૃપના પીઆઈ એ વી પાણમીયાએ નવસર્જન સંસ્કૃતિ સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મુળ જુનાગઢના વિસાવદરના વિરપુર ગામનો અનીલ ગોરધન રાખોલીયા અંકલેશ્વરમાં બે સંતાન અને પરીવાર સાથે રહી ૭ વરસથી જીઆઈડીસીની જીઆઈએલ કંપનીમાં પ્રોડકશન ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો. રૂપીયા ૪૮ હજારનો પગારદાર બીએસસી કેમીસ્ટ છે. શેરબજારમાં રૂપીયા ૨૦ લાખનુ દેવુ થઈ જતા તેણે ગુગલ પર સર્ચ કરી એમ ડી ડ્રગ્સ બનાવવા અંકલેશ્વર જીઆઈડીસીમાંથી વિવિધ કેમિકલ્સ, રો મટીરીયલ્સ અને સાધનોની ખરીદી કરી હતી. ભાડાના ફલેટમાં બાથરૂમમાં ૬ મહિનાથી કેલેન્ડેસ્ટાઈન લેબ બનાવી મેફેડ્રોન ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

આ કેમિસ્ટ પહેલા પ્રયાસમાં એમ ડી ડ્રગ્સ બનાવવામાં સફળ થયો ન હતો, જો કે બીજા પ્રયાસમાં તેને ડ્રગ્સ બનાવી લીધુ હતુ, બજારમાં તેનુ સેમ્પલ લઈ તે વેચાણ માટે ફરવાનુ પણ શરૂ કર્યુ હતું. ભરૂચ એસઓજીએ આજે શનિવારે તેના ભાડાના ફલેટમાં દરોડો પાડી અનિલ રાખોલીયાને ડ્રગ્સનુ ઉત્પાદન કરતી વખતે જ રંગે હાથ ઝડપી લીધો હતો. સ્થળ પરથી ૭૪.૮૮ ગ્રામ રૂપીયા ૨.૨૪ લાખનુ બનાવેલ એમ ડી ડ્રગ્સ, ૨૪ અલગ અલગ કેમિકલ્સ , સાધન સામગ્રી મળી રો મટીરીયલ્સ કબ્જે લેવામાં આવ્યુ હતું. અંકલેશ્વર બી ડીવીઝન ખાતે એનડીપીએસ એકટ હેઠળ ગુન્હો નોંધી આ કેમીસ્ટની વધુ તપાસ માટે રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે.

# રાજુ કરપડાની ઓડીયો કલીપ વાયરલ : વાયરલ ઓડીયોમાં જુના કેસના લીધે જેલમાં ના જવુ પડે એટલે ભાજપમાં જોડાઉ છું : આમ આદમી પાર્ટીના આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ આમ આદમી પાર્ટીમાંથી રાજુ કરપડાના રાજીનામા બાદ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

રાજુ કરપડાએ પક્ષમાંથી બે દિવસ પહેલા રાજીનામુ આપ્યુ હતુ તેઓ જેલમાં હતા તે દરમિયાન તેમને પક્ષ તરફથી પુરતી કાયદાકીય મદદ કરવામાં આવી નહી, પક્ષમાં રહીને ખેડુતોના મુદ્દાઓને પ્રાધાન્ય આપી શકાતુ નથી, અને ગોપાલ ઈટાલીયાએ તેમના જેલવાસ દરમિયાન તેમને કોઈ જ મદદ કરી નહી,

આ પ્રકારના કારણો આપી રાજુ કરપડાએ રાજીનામુ આપ્યુ હતું અને હવે આજે આ મામલે આમ આદમી પાર્ટી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં રાજુ કરપડાના કાર્યકર્તાઓ સાથે ફોન પર વાતચીતનો ઓડીયો વાયરલ થયો છે અને આ વાયરલ ઓડીયોમાં જુના કેસના લીધે જેલમાં ના જવુ પડે એટલે ભાજપમાં જોડાઉ છું એવુ રાજુ કરપડાએ પોતે સ્વીકારી રહ્યા છે. આ રેકોર્ડિંગ હાલ આમ આદમી પાર્ટી દ્વારા વાયરલ કરવામાં આવ્યા છે.




# ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં બુટ મોજા પહેરી જવા પર પ્રતિબંધઃ ધો. ૧૦ ના પેપરો જિલ્લા મથકોએ મોકલી દેવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ આગામી તારીખ ૨૬ મી ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ત્યારે બોર્ડે વિદ્યાર્થીઓને બુટ મોજા સાથે પરીક્ષા ખંડમાં બેસવા પર પ્રતિબંધ મુકી દીધો છે.



બોર્ડની સત્તાવાર જાહેરાત મુજબ ધોરણ ૧૦ ના કોઈ વિદ્યાર્થીને કેલ્કયુલેટરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી. ધોરણ ૧૨ ના પરીક્ષાર્થીઓ સાદુ કેલ્કયુલેટર લઈ જઈ શકશે પરંતુ કોઈપણ સંજોગોમાં સાયન્ટિફીટ કેલ્કયુલેટર સાથે પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં નહી આવે, આ ઉપરાંત મોબાઈલ, ઈલેકટ્રોનીક ઘડીયાળ અને અન્ય ઈલેકટ્રોનીક ગેજેટ સાથે લઈ જવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને પ્રશ્ન પત્ર શરૂ થવાના સમયથી અડધો કલાક પહેલા પરીક્ષા સ્થળમાં પ્રવેશ મેળવી લેવા માટે પણ સુચના આપવામાં આવી છે. બોર્ડની આ પરીક્ષામાં ૯૯ કેદીઓએ પણ ફોર્મ ભર્યા છે. જેમાં ધોરણ ૧૦ માં ૫૯ અને ધોરણ ૧૨ માં ૪૦ પરીક્ષાર્થીઓ છે. આ માટે અમદાવાદ , રાજકોટ, વડોદરા અને સુરતની જેલમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યુ છે. ધોરણ ૧૦ માં ૯,૦૭, ૧૭૫, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૧૯,૨૬૩ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫,૦૧,૨૮૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

બોર્ડના સુત્રોના કહેવા પ્રમાણે ધોરણ ૧૦ ની પરીક્ષાના પ્રશ્નપત્રો મોકલવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને મોટાભાગના જિલ્લા મથકોએ આજે શનિવારે પ્રશ્ન પત્ર મોકલી દેવાયા છે અને સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવાયા છે, આવા સ્ટ્રોંગ રૂમની આસપાસ રાઉન્ડ ધ કલોક પોલીસ બંદોબસ્ત ફાળવી દેવામાં આવ્યો છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રો પણ થોડા દિવસોમાં જ જિલ્લા કક્ષાના કેન્દ્રોમાં મોકલી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને દરેક પ્રશ્નપત્ર માં ૧૫ મીનીટનો વધુ સમય પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવવામાં આવ્યો છે. આ સમયમાં ઉત્તરવહીની વિગતો પણ તેમણે ભરી દેવાની રહેશે.

# અમદાવાદ શહેર ભાજપ સંગઠનની જાહેરાત : પાયાના કાર્યકર્તાઓને મળી મહત્વની જવાબદારીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટીમાં નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વ હેઠળ સંગઠનાત્મક ફેરફારોની પ્રક્રિયા ઝડપી બની છે. તેમણે સત્તાવાર ચાર્જ સંભાળ્યા બાદ રાજ્ય, જિલ્લા અને મહાનગર સ્તરે કાર્યવાહીને વેગ મળ્યો છે. આ ક્રમમાં આજે ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેર ભાજપ સંગઠનની નવી રચનાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશ મોવડી મંડળ સાથે વિગતવાર ચર્ચા વિચારણા કર્યા બાદ મહાનગર પ્રમુખ પ્રેરક શાહ દ્વારા આ નવી ટીમની વરણી કરવામાં આવી છે. આ નવી યાદીમાં શહેરના વિવિધ વોર્ડમાં પાયાના કાર્યકર્તાઓ અને અનુભવી નેતાઓને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.



કુલ ૨૨ સભ્યોની આ ટીમમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી અને ૭ મંત્રીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧કોષાધ્યક્ષ , ૧ કાર્યાલય મંત્રી અને ૧ સહ કાર્યાલય મંત્રીની નિમણુંક કરવામાં આવી છે. સોશીયલ મીડીયા વિભાગ, આઈટી વિભાગ અને મીડીયા વિભાગમાં પણ ઈન્ચાર્જ તેમજ સહ ઈન્ચાર્જની જવાબદારીઓ સોંપવામાં આવી છે. વધુમાં યુવા મોરચા, મહિલા મોરચા, કિસાન મોરચા અને બક્ષીપંચ મોરચામાં પ્રમુખ અને મહામંત્રીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. આ ફેરફારો પાર્ટીના સંગઠનપર્વ કાર્યક્રમના ભાગરૂપે જોવામાં આવે છે.

જે ભાજપના લોકશાહી મુલ્યો અનુશાસન અને કાર્યકર્તા કેન્દ્રીત અભિગમને પ્રતિબિંબિત કરે છે. અગાઉ ૨૮ ડીસેમ્બર ૨૦૨૫ માં રાજય કક્ષાએ ૩૫ નવા પદાધિકારીઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૮ મહિલાઓનો સમાવેશ હતો. ત્યારબાદ ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ માં રાજય કાર્યકારી સમિતિના ૧૦૬ સભ્યોની યાદી જાહેર કરાઈ હતી. આ તમામ પગલા આગામી નગરપાલિકા અને વિધાનસભા ચુંટણીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે. જેમાં પાર્ટી યુવા નેતૃત્વ અને વર્ગીય સંતુલન પર ભાર મુકી રહી છે. આ નવી રચના અમદાવાદમાં ભાજપને આંતરીક ગતિશીલતાને મજબુત કરશે અને બુથ સ્તરની કાર્યક્ષમતામાં વધારો કરશે. પાર્ટીના કહેવા પ્રમાણે આ બદલાવો સરકાર અને સંગઠન બંનેમાં અસર કરશે. જેમાં કેબિનેટમાં પણ રીસફલની શકયતા છે. આ જાહેરાત ગુજરાત ભાજપના વિસ્તરણ અને મજબુતીકરણના પ્રયાસોનુ મહત્વનુ પગલુ છે.

# પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે થયેલ ચકચારી ઘરફોડ ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલતી એલસીબીઃ ઘરફોડ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલઃ રૂ.૧૨,૩૪,૬૫૦નો મુદ્દામાલ લેવાયો કબ્જે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણમાં ગઈ તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ૧૦ થી ૧૨:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ફરીયાદી દર્શનાબેન સુનીલભાઈ પટેલ રહે. સોનાસણ, ભુરીવાસ તાલુકો પ્રાંતિજ જી.સાબરકાંઠાઓના બંધ મકાનનુ કોઈપણ રીતે તાળુ તોડી મકાનની અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી તીજોરીના મેઈન દરવાજાનુ લોક તોડી અંદર લોકરમાં અલગ અલગ ૩ પર્સમાં મુકેલા સોનાના દાગીના જેની બજાર કિંમત રૂપીયા ૧૪,૭૫,૦૦૦ ની મત્તાની કોઈ ચોર ઈસમો ચોરી ગયા હોવાની પ્રાંતિજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવેલ હતી. ગુન્હાનો ભેદ ઉકેલવા સારૂ નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાબરકાંઠાનાઓ દ્વારા સુચના આપવામાં આવેલ, જે અન્વયે પીઆઈ ડી સી સાકરીયા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ ઈન્ચાર્જ પીઆઈ ડી સી પરમાર એલસીબીનાઓના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર કે જોશી તેમજ પીએસઆઈ એસ જે ચાવડા એલસીબી નાઓએ અલગ અલગ ટીમ બનાવી સ્થળપર ની વિજીટ કરી આજુબાજુ વિસ્તારોના સીસીટીવી ફુટેજ ચકાસણી કરી, ટેકનીકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સિસ તેમજ શકમંદ ઈસમોની પુછપરછ કરવામાં આવી હતી. જે દરમિયાન હે.કો. નિરલકુમાર તેમજ પો.કો. પ્રહર્ષકુમાર નાઓના ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિસ આધારે શકમંદ ઈસમોમા ભુપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ.૩૦ રહે. સોનાસણ ભુરીવાસ તાલુકો પ્રાંતિજ સાબરકાંઠાનાઓની હીલચાલ શંકાસ્પદ જણાતા સદર ઈસમની ચોરી બાબતે શંકા જતા પુછપરછ કરતા તેઓ ભાંગી પડેલ અને કબુલ કરેલ કે ગઈ તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ચંદ્રાલા



મુકામે અમારા સગા સંબંધીઓના સમુહલગ્ન હોવાથી અમારા ઘરના તમામ સભ્યો સમુહલગ્નમાં ગયેલા અને હું ત્યાંથી પાછો મારા ઘરે આવેલો અને અમારી બાજુમાં રહેતા સુનીલભાઈ નાઓના ઘરે કોઈ હાજર ન હોઈ જેથી મેં તેમના ઘરનુ તાળુ તોડી ઘરની અંદર પ્રવેશ કરી મકાનની તીજોરી ખોલી તેમા મુકેલ સોના ચાંદીના દાગીના ની ચોરી કરી હું પાછો ચંદ્રાલા મુકામે સમુહલગ્નમાં જતો રહ્યો હતો. સાંજે મારી ફોઈના દિકરા પ્રતિકકુમાર દિલીપભાઈ પટેલ નાઓને ચોરી કરેલ સોના ચાંદીના દાગીના તેમના ઘરે સાચવવા માટે આપ્યા હતા. જેથી ભુપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ ઉ.વ.૩૦ રહે. સોનાસણ ભુરીવાસ તાલુકો પ્રાંતિજ જિલ્લો સાબરકાંઠાનાઓએ કબુલાત કરતા આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રીકવર કરવામાં આવેલ સોના ચાંદીના દાગીનાઓમાં (૧) સોનાના દોરા નંગ-૨ કિંમત રૂપીયા ૧,૯૮,૨૫૦ (૨) સોનાની બુટ્ટી સાથે મંગળસુત્ર કિંમત રૂપીયા ૨,૦૯,૬૫૦ (૩) સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપીયા ૧,૫૧,૬૦૦ (૪) સોનાની નાની મોટી જુદી જુદી ડીઝાઈનવાળી વીંટી નંગ ૯ કિંમત રૂપીયા ૧,૮૬,૯૫૦ (૫) સોનાની બુટ્ટી તથા સોનાની સેરો કિંમત રૂપીયા ૧,૨૧,૯૦૦ (૬) એક સોનાનુ ડોકીયુ તથા તેની સાથે બુટ્ટી તથા પેન્ડલ કિંમત રૂપીયા ૧,૩૮,૨૦૦ (૭) સોનાની મગમાળા કિંમત રૂપીયા ૧,૦૭,૮૦૦ (૮) સોનાની બુટ્ટી જોડ-૧ કિંમત રૂપીયા ૪૩,૪૫૦ (૯) સોનાની બુટ્ટી જોડ ૧ કિંમત રૂપીયા ૫ હજાર (૧૦) સોનાની બુટ્ટી જોડ ૧, વાળી જોડ ૧ તથા ચુની નંગ ૨ કિંમત રૂપીયા ૩૩,૦૫૦ (૧૧)સોનાના પેન્ડલ નંગ ૪ કિંમત રૂપીયા ૧૦૫૫૦ (૧૨) સોનાની ચુની નંગ ૭ કિંમત રૂપીયા ૮૨૫૦ (૧૩) મોબાઈલ નંગ ૧ કિંમત રૂપીયા ૨૦ હજાર કુલ ૧૨,૩૪,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.